કેકા cooing with concern

# સ્મરણવીથિકા
૨૦૧૩-૨૦૧૪


પ્રસ્તુતિ
પ્રો. નિસર્ગ આહીર
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ



પ્રકાશન
ડૉ.ગીતા પંડયા
આચાર્યા
ગવર્નમેન્ટ્સ આર્ટ્સ કૉલેજ
શ્રી કે. કા. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ
મણિનગર, અમદાવાદ

# આનુપૂર્વી


| | | |
|---|---|---|
| ૧. સૌન્દર્યસંગે વ્યાપ્તિ, શી રમ્ય પ્રાપ્તિ ! | પ્રો. નિસર્ગ આહીર | ૩ |
| ૨. પગલે પગલે પ્રતીતિ પારાવારની… | ડૉ. ગીતા પંડયા | ૪ |
| ૩. પ્રસંગપર્વ : ક્ષણોના તોરણમાં સ્થગિત સંભારણાં | પ્રો. નિસર્ગ આહીર | ૬ |
| ૪. સાત વર્ષ : સિદ્ધિનાં સપ્ત સોપાન | ડૉ. ગીતા પંડયા | ૨૬ |
| ૫. Rehabilitation of Special Children in Society | Dr. Trusha Desai | ૩૧ |
| ૬. કવિ અને કવિતા | પ્રો. નિસર્ગ આહીર | ૩૨ |
| ૭. ગઝલકાર મરીઝ | ડૉ. પ્રવીણ રથવી | ૩૫ |
| ૮. Psychology in Literature:With Special reference to Stream of Consciousness Novel | Prof. Ansuya Mehta | ૩૯ |
| ૯. ઊર્મિતરંગ | સાગર જાદવાણી | ૪૨ |
| ૧૦. Aadhar: The new approach of identification | Prof. Jagdish Parmar | ૪૩ |
| ૧૧. કલાપીનો કાવ્યાસવ | સં. ગાયત્રી વાઘેલા | ૪૭ |
| ૧૨. Role of Banks in Agricultural Sector: Gujarat-India. | Dr. Ketan Mehta | ૪૮ |
| ૧૩. કાલે સવારે હું નહિ હોઉં ત્યારે… | અસ્મિતા પંડયા | ૫૨ |
| ૧૫. Publications of teaching faculties | Prof. Jagdish Parmar | ૫૩ |
| ૧૬. ‘વીતરાગસ્તોત્ર’ના અનુષ્ટુપનું છન્દની દૃષ્ટિએ પરિશીલન | ડૉ. મહેશ પટેલ | ૫૭ |
| ૧૭. અશ્વમેધ એ જ રાષ્ટ્રમેધ | ડૉ. કિન્નરી પંચોલી | ૬૫ |
| ૧૮. કર્મમાંગલ્યનાં કાલજયી પદચિહ્નો : શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૨૦૧૪ની વિવિધ પ્રવૃત્તિઓની યાદી | ડૉ. મહેશ પટેલ | ૬૮ |

*સંપાદકીય...*

## સૌન્દર્યસંગે વ્યાપ્તિ, શી રમ્ય પ્રાપ્તિ !

*- પ્રો. નિસર્ગ આહીર*

કાલ એક ખ્યાલ છે કે સતત પરિવર્તિત પ્રક્રિયા એવા પ્રશ્ન પૂછવાનો કોઈ અર્થ નથી, કેમકે માણસનું સમગ્ર જીવન કાલ અને સ્થલના આયામોને આધારે જ અંકિત થાય છે. કોઈ એક ચોક્કસ બિંદુએથી આરંભાયેલું માનવનું જીવન કોઈ બીજા બિંદુ પર પૂર્ણ થાય છે એની નોંધ સમષ્ટિ નથી લેતી, પણ માણસ હોવાની સાબિતી એ જ કે એ જે સ્થલ-કાલમાં હોય છે એમાં એણે ચોક્કસ કંઈક ચિહ્નો અંકિત કર્યા હોય. માણસના જીવનને ચોક્કસ આકાર આપમા માટે સભ્યતા અને સંસ્કૃતિએ હજારો વર્ષથી નિયમો નક્કી કરી આપ્યા છે. ભારતીય પરંપરા માનવના જીવનહેતુને પુરુષાર્થ કહે છે. પુરુષ કે માણસે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને યોગ્ય રીતે પ્રાપ્ત કરીને જીવન સાર્થક કરવાનું છે. એ જ રીતે જીવનના અન્ય ત્રણ આયામો એટલે સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્. ભારતીયતાએ માનવજીવનને સંપૂર્ણતઃ પુષ્પિત-ફલિત કરવા માટે આ મહાન રસ્તાઓ આંકી આપ્યા છે.

'કેકા' સામયિકનો આ છઠ્ઠો અંક ધરતાં આનંદ થાય છે. આનંદ બ્રહ્મ કહેવાયો છે સ્મૃતિઓમાં. આનંદનું મૂળ રસ છે અને રસ માટે તો આખી વસુંધરા છે. વસુંધરાનું વસુ સત્ય અને શિવની સાથે સાથે સુન્દરતાના રૂપે અમે 'કેકા' દ્વારા પ્રસ્તુત કરીએ છીએ. માણસે પૃથિવી પરની અગણિત ક્રિયા-પ્રક્રિયામાંથી કોઈ ચોક્કસને પોતાનું કેન્દ્ર બનાવેલ હોય છે. શિક્ષણ સંસ્થા જગતનાં સર્વ તીર્થાલયોમાં ઉત્તમ છે. તીર્થોત્તમના એક ભાગરૂપે અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ મુખ્ય કર્મ કરવાનું છે તે કદર્યતાને ઓગાળતાં જઈ શુદ્ધ સૌન્દર્યની પ્રાપ્તિ કરવી તે. જ્ઞાનનો એક અર્થ પ્રકાશ થાય છે અને પ્રકાશ સૌન્દર્યનો ગુણધર્મ છે. શ્રી કે. કા. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલમાંની ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ ૨૦૦૭માં સ્થપાઈ ત્યારથી જ્ઞાનમય પ્રકાશકીય સૌન્દર્યના અનેક આયામ અંકે કરતી આવી છે. વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને આચાર્યાશ્રીના સંયુક્ત પ્રયાસરૂપે સાત વર્ષમાં આ સંસ્થાએ અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. શિક્ષણ, જ્ઞાન, પ્રજ્ઞા, કલા, કૌશલ્ય, ક્ષમતા, જીવનલક્ષી ક્રિયા-પ્રક્રિયાનાં અનેક પાસાં આ સાત વર્ષ દરમિયાન સિદ્ધ થયાં તેનો આલેખ ગતવર્ષીય 'કેકા'ના અંકોમાં જીવંતરૂપે લયાન્વિત થયેલો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં જે કોઈ પ્રવૃત્તિઓ થઈ, વિદ્યાર્થીઓએ સિદ્ધિ હાંસલ કરી, સંસ્થાને ગૌરવ અપાવ્યું એ સર્વ સૌન્દર્યમય ક્ષણોનાં સંભારણાં અમે 'કેકા'ના છઠ્ઠા અંકમાં સંયુક્ત રીતે મૂકી રહ્યા છીએ.

આચાર્યાશ્રીનો સકારાત્મક અભિગમ, તેજસ્વી પ્રાધ્યાપકોનો ઉત્સાહ, વિનમ્ર અને જ્ઞાનપિપાસુ વિદ્યાર્થીઓની તત્પરતાને આપની સમક્ષ ધરતાં આનંદ અને ધન્યતા અનુભવું છું. કશુંક વધારે સુન્દર સિદ્ધ કરવાની સમગ્રલક્ષી ખેવનાએ જે રમ્ય પ્રાપ્તિ કરાવી આપી તે અર્પણ આપ સૌને !

## પગલે પગલે પ્રતીતિ પારાવારની...

*- પ્રિ. ડૉ. ગીતા પંડયા*

'કેકા' સામયિક અમારી ઊર્મિઓનો રસથાળ છે, જેમાંથી સર્વને અમે રસ, આનંદ અને કર્મની સુવાસ વહેંચીએ છીએ. ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજનો છઠ્ઠો રસથાળ આ અંક દ્વારા પીરસતાં હું હર્ષાનંદ અનુભવું છું. જોતજોતામાં આ સંસ્થા સાત વર્ષ પૂરાં કરે છે ! સમયની આ ક્ષણ પર ઊભી રહી હું પાછળ નજર કરું છું તો અતીતના પટ પર અમારી સંસ્થાએ અંકિત કરેલાં કેટલાંય ચિરસ્થાયી પગલાંઓની છાપ જોઈ શકું છું. લાગે છે કે અમારું ભૂતકાળનું એકેએક પગલું ભવ્ય હતું. તેમ વર્તમાન વૈભવી છે જ અને અનાગત પણ અનમોલ હશે એની પ્રતીતિ છે મને. કેમકે આવનારા સમયનો પણ મુખ્ય આધાર તો વીતેલા કાળ કે વર્તમાન પર જ હોય છે. વર્તમાનની ભવ્ય સફર આવનારી અદ્‌ભુતરસિક મંઝિલની આગાહી પૂરે છે. આ ક્ષણે, ત્રણેય કાલાવસ્થા પર નજર નાખું છું તો મને પારાવારની પરમ પ્રતીતિ થાય છે. કશુંક નક્કર પ્રાપ્ત કરી શકાયાનો સંતોષ છે મને.

૨૦૦૭માં સ્થપાયેલી સંસ્થાની શરૂઆતથી જ મને કૉલેજનાં આચાર્યા તરીકે સેવા કરવાનો મોકો મળ્યો એને હું મારું સદ્‌ભાગ્ય માનું છું. ગુજરાતના પરમ શ્રદ્ધેય સાક્ષર પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીના તેજસ્વી કર્મને અંજલિ અર્પવા માટે સ્થપાયેલી આ કૉલેજ ગુજરાત સરકારશ્રીનું ગૌરવ છે. શ્રી કે. કા. શાસ્ત્રીજીને પોતાના ગુરુ માનતા ગુજરાત રાજ્યના કર્મનિષ્ઠ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના સંકલ્પમાંથી આકાર પામેલ અનુપમ શૈક્ષણિક સંકુલનું માનનીય મુખ્યમંત્રીશ્રી ખાસ ધ્યાન રાખે છે. વર્ષમાં એક વાર તો તેઓશ્રી સંસ્થાની મુલાકાત લે જ છે અને નમૂનારૂપ શિક્ષણસંસ્થા બની રહે એની કાળજી લે છે. શ્રી કે. કા. શાસ્ત્રીજી અને શ્રી નરેન્દ્ર મોદીજીના નામ અને કર્મના આશ્રયે વિલસતી આ કૉલેજે મહાપુરુષના કર્મદીપ અને શ્રદ્ધાતેજને વધારવાનું કામ કર્યું છે. સાત વર્ષના સરવૈયારૂપે કહેવું હોય તો એમ કહી શકાય કે સર્વની સદ્‌ભાવનાનો અમે સાનુકૂળ પડઘો પાડ્યો છે અને એમના પુરુષાર્થને અમારા સહિયારા કર્મ દ્વારા સમૃદ્ધ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

શિક્ષણની પ્રવૃત્તિ હોય, શિક્ષણેતર એવી અનેક ઉપલબ્ધિ હોય કે કર્મની કોઈ પણ ધારા હોય, અમારા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ હંમેશાં સંસ્થાને ગૌરવ પ્રાપ્ત થાય એવા પ્રયાસો કર્યા છે. શિક્ષણની સાથે સાથે સંધાન, ઉદિશા, સપ્તધારા, સી.ડબલ્યુ.ડી.સી., રેડ રિબન ક્લબ, સેમિનાર, વર્કશોપ, શૈક્ષણિક પ્રવાસો એમ અનેક ક્ષેત્રે કામગીરીઓ અવિરત વર્ષભર ચાલતી રહી અને સૌ એમાં ઉત્સાહભેર જોડાતાં રહ્યાં. મારી સાથે અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ કૌટુંબિક ભાવનાથી કામ કરે છે એને કારણે સફળતા અમારો સહિયારો મંત્ર બની રહ્યો છે. અમારી એ સુભગ યાત્રામાં આપને સામેલ કરતાં, આ અંકના આશ્રયે આવકારતાં આનંદ અને અહોભાવની ઊર્મિ અનુભવું છું.



કૉલેજનાં આચાર્યાશ્રી ડૉ. ગીતા પંડયા



કૉલેજનો શૈક્ષણિક સંઘ : (પ્રથમ શ્રેણીમાં ડાબેથી જમણે) પ્રો. ડૉ. મેઘના પટેલ, પ્રો. ડૉ. શિલ્પા સિદપરા, પ્રો. ડૉ. કિન્નરી પંચોલી, પ્રો. ખુશબૂ ઝાલા, પ્રિ. ડૉ. ગીતા પંડયા, પ્રો. ડૉ. તૃષા દેસાઈ, પ્રો. અનસુયા મહેતા, પ્રો. ડૉ. મનીષા ભટ્ટ, (દ્વિતીય શ્રેણીમાં ડાબેથી જમણે) પ્રો. ડૉ. પ્રવીણ રથવી, પ્રો. ડૉ. મહેશ પટેલ, પ્રો. જગદીશ પરમાર, પ્રો. ડૉ. કેતન મહેતા, પ્રો. નિસર્ગ આહીર



એફ.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ સાથે કૉલેજનો શૈક્ષણિક સ્ટાફ



એસ.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ સાથે કૉલેજનો શૈક્ષણિક સ્ટાફ



ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ સાથે કૉલેજનો શૈક્ષણિક સ્ટાફ



સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓ, પ્રો. ડૉ. કિન્નરી પંચોલી, પ્રિ. ડૉ. ગીતા પંડ્યા, પ્રો. ડૉ. મહેશ પટેલ



ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ, પ્રો. નિસર્ગ આહીર, પ્રિ. ડૉ. ગીતા પંડયા, પ્રો. ડૉ.પ્રવીણ રથવી



અંગ્રેજી વિષયના વિદ્યાર્થીઓ, પ્રો. ખુશબૂ ઝાલા, પ્રિ. ડૉ. ગીતા પંડયા, પ્રો. અનસુયા મહેતા



અર્થશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓ, પ્રો. ડૉ. કેતન મહેતા, પ્રિ. ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર



મનોવિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓ, પ્રો. ડૉ. શિલ્પા સિદપરા, પ્રિ. ડૉ. ગીતા પંડયા, પ્રો. ડૉ. તૃષા દેસાઈ,
પ્રો. ડૉ. મેઘના પટેલ



પ્રાચ્યવિદ્યા વિષયના વિદ્યાર્થીઓ, પ્રિ. ડૉ. ગીતા પંડયા, પ્રો. ડૉ. મનીષા ભટ્ટ



કૉલેજના બિનશૈક્ષણિક સ્ટાફ સાથે પ્રિ. ડૉ. ગીતા પંડયા



વિદ્યાર્થી-પ્રતિનિધિ-મંડળ સાથે કૉલેજનો સ્ટાફ



રાજ્યકક્ષાની સંસ્કૃત ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થયેલ વિદ્યાર્થિનીઓ સાથે આચાર્યાશ્રી અને અધ્યાપકશ્રીઓ

## ૧૫ ઑગષ્ટ, ૨૦૧૩ના રોજ શ્રી કે. કા. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલમાં માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને અન્ય મહાનુભાવો પધાર્યા તે પ્રસંગની સુવર્ણ ઝલક



ગુજરાતના શિક્ષણ સચિવ શ્રી તિવારીસાહેબ અને ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રીમતી જયંતી રવિ સાથે

પ્રિ. ડૉ. ગીતા પંડયા



રાજ્યકક્ષાનાં શિક્ષણમંત્રીશ્રી વસુબેન ત્રિવેદીને આવકારતાં પ્રિ. ડૉ. ગીતા પંડયા



શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને આવકારતાં પ્રિ. ડૉ. ગીતા પંડયા



ખાતમુહૂર્તવિધિ કરતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, મહેસૂલમંત્રીશ્રી આનંદીબેન પટેલ, રાજ્યકક્ષાનાં શિક્ષણમંત્રીશ્રી વસુબેન ત્રિવેદી, અમદાવાદનાં મેયરશ્રી મીનાક્ષીબેન પટેલ





એન.સી.સી.ના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતા માનનીય મુખ્યમંત્રીશ્રી





છઠ્ઠા વાર્ષિકોત્સવ પ્રસંગે પધારેલા સુપ્રસિદ્ધ કવિ શ્રી ચિનુ મોદી સાથે પ્રિ. ડૉ. ગીતા પંડયા અને
સામાન્ય મંત્રી કુ. નિધિ પટેલ



કૉલેજના સામયિક ‘કેકા’નો વિમોચનવિધિ કરતા કવિ શ્રી ચિનુ મોદી
સાથે ડૉ. મહેશ પટેલ, ડૉ. તૃષા દેસાઈ, આચાર્યાશ્રી અને પ્રો. નિસર્ગ આહીર



વિદ્યાર્થીઓને સન્માનતા કવિ શ્રી ચિનુ મોદી



પુરસ્કૃત વિદ્યાર્થીઓ સાથે શ્રી ચિનુ મોદી



સ્વાતંત્ર્યદિનની ઉજવણી માટે પધારેલા પૂર્વ ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી એમ. આર. ઉપાધ્યાય



પ્રજાસત્તાકદિનની ઉજવણી પ્રસંગે પધારેલા અમદાવાદના ડેપ્યુટી મેયર શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈ





AAA એક્રેડિશન માટે રાજકોટથી પધારેલ ટીમ અને તેમની કામગીરી

## કૉલેજનાં આચાર્યાશ્રી વિવિધરંગી પ્રવૃત્તિપરાગ



ગુજરાત રાજ્યના મંત્રીશ્રીઓ સાથે




ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રીમતી જયંતી રવિ સાથે



વિદ્યાર્થી કારકિર્દી માર્ગદશન વર્કશોપના ઉદ્‌ઘાટન પ્રસંગે




એન.સી.સી. મૅજર તરીકે કેડટ્સ સાથે, કૉઈમ્બતુર



સન્માન



AAA એક્રેડિશન માટેની ટીમના સભ્ય તરીકે

## કૉલેજની શાનરૂપ પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી સ્મૃતિકક્ષની મુલાકાતે પધારેલા મહાનુભાવો



AAA એકેડિશનના સભ્યશ્રીઓ



ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારી શ્રી મોઢાસાહેબ



શ્રી કે. કા. શાસ્ત્રીનાં સ્વજનો



શ્રી કે. કા. શાસ્ત્રીના પુત્રનું સન્માન



એન.સી.સી.ના ઉચ્ચ અધિકારીશ્રીઓ




શ્રી કે. કા. શાસ્ત્રીનાં સ્વજનો

## સંસ્કૃત વિભાગના પ્રો. ડૉ. મહેશ પટેલની વિવિધ મુદ્રાઓ



સંધાન



ગુજરાત કૉલેજ ખાતે વ્યાખ્યાન




રાજ્યકક્ષાના સેમિનારમાં શોધપત્રનું વાચન




રાષ્ટ્રીયકક્ષાના સેમિનારમાં શોધપત્રનું વાચન




પ્રો. ડૉ. કિન્નરી પંચોલીનું રાજ્યકક્ષાના સેમિનારમાં શોધપત્રનું વાચન




પ્રો. ડૉ. પ્રવીણ રથવીનું રાષ્ટ્રીયકક્ષાના સેમિનારમાં શોધપત્રનું વાચન


## ગુજરાતીના અધ્યાપક પ્રો. નિસર્ગ આહીર : બહુવિધ પ્રવૃત્તિની ઝાંખી




પૂ. મોરારિબાપુ દ્વારા આયોજિત અસ્મિતાપર્વમાં સંચાલક તરીકે...



પૂ. મોરારિબાપુ દ્વારા અભિવાદન



ગુજરાતી લિટરરી ફેસ્ટિવલમાં વક્તા તરીકે



'શબ્દસર' સામયિકના સંપાદક તરીકે અને સંચાલક તરીકે




'સંધાન'માં હાસ્યલેખક શ્રી રતિલાલ બોરીસાગર સાથે




રાષ્ટ્રીયકક્ષાના સેમિનારમાં વક્તા તરીકે






મનોવિજ્ઞાન વિભાગ દ્વારા આયોજિત બેદિવસીય રાજ્યકક્ષાના વર્કશોપનું ઉદ્દ્ઘાટન અને ભાગ લેનારા શિબિરાર્થીઓ








સ્વાગત કરતાં મનોવિજ્ઞાન વિભાગનાં અધ્યક્ષા ડૉ. તૃષા દેસાઈ, વ્યાખ્યાન અને સમાપનવિધિ



ટેલેન્ટનું ઉદ્દ્ઘાટન કરતાં આચાર્યાશ્રી



ટેલેન્ટમાં વિદ્યાર્થિનીઓ દ્વારા લોકનૃત્યની પ્રસ્તુતિ

## અનેકવિધ અને બહુઆયામી પ્રવૃત્તિઓ પર એક વિહંગાવલોકન




ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન



ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ




FYBAના વિદ્યાર્થીઓનું સ્વાગત



FYBAના વિદ્યાર્થીઓ



બ્લૅક એન્ડ વ્હાઈટ ડે સૅલિબ્રેશન




ગુજરાતી વિભાગ દ્વારા સેમિનાર



સંસ્કૃત સંભાષણ સપ્તાહની શરૂઆત




સંસ્કૃત સંભાષણ શીખતા વિદ્યાર્થીઓ



યોગાભ્યાસ કાર્યશિબિર



યોગ શીખવી રહેલા ડૉ. મહેશ પટેલ



ઈડર ખાતે શૈક્ષણિક પ્રવાસ



પોળોનાં મંદિરો ખાતે શૈક્ષણિક પ્રવાસ

## વિદ્યાર્થીકેન્દ્રી વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર




થેલેસીમિયા જાગૃતિ અંગે સેમિનાર




એચ.આઈ.વી.-એઈડ્સ અંગે જાગૃતિ સેમિનાર




એઈડ્સ-જાગૃતિ સેમિનાર




ઉદિશા – માર્ગદર્શન અને જોબ-ફેર



ઉદિશા અંતર્ગત પ્લેસમેન્ટ



ઉદિશા અંતર્ગત જોબ-ફેર



શિક્ષકદિનની ઉજવણી



શ્રી કે.કા. શાસ્ત્રીજીને શ્રદ્ધાંજલિ



શ્રી કે. કા. શાસ્ત્રીજી પર કાર્યક્રમનું આયોજન



બાઈસેગનું પ્રસારણ



સંસ્કૃત વિષય દ્વારા મ્યૂઝિયમની મુલાકાત




યુનિવર્સિટી સ્પોર્ટ્સ ઈવેન્ટ્સમાં વિદ્યાર્થીઓ



રણોત્સવમાં વિદ્યાર્થી



કાવ્યપઠન



રંગોળી



ખેલકૂદ



રમતજગત





મુન્દ્રા ખાતે વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ

નવરાત્રિની ઉજવણી







રાજ્યકક્ષાના સંસ્કૃત સેમિનારમાં વિદ્યાર્થિનીઓનું શોધપત્ર-વાચન





રાજ્યકક્ષાની સંસ્કૃત ગરબાસ્પર્ધામાં વિદ્યાર્થિનીઓની પ્રસ્તુતિ અને પ્રથમ ક્રમે વિજેતા

## *સાત વર્ષ : સિદ્ધિનાં સપ્ત સોપાન*

*-ડૉ. ગીતા પંડયા*
*આચાર્યા*

ગુજરાતના પરમ શ્રદ્ધેય સાક્ષર પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીજીના ભવ્યોજ્જ્વલ શબ્દકર્મને અંજલિ આપવા માટે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સંકલ્પમાંથી આકાર પામેલ શ્રી કે. કા. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ ધીરે ધીરે ગુજરાતના ખ્યાતનામ શિક્ષણ સંકુલ તરીકે આકાર લઈ રહેલ છે. શૈક્ષણિક સ્વાધ્યાય, માળખાકીય સુવિધા, શિક્ષણેતર પ્રવૃત્તિઓ, વિવિધલક્ષી સામાજિક-સાંસ્કૃતિક નિસબત ઈત્યાદિને કારણે શ્રી કે. કા. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલમાંની ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ ઉચ્ચ વિઝન, મિશન અને ગોલ્સ સાથે કામ કરી રહી છે. ટૂંક સમયમાં જ આ સંસ્થાએ સારાં પરિણામ અને પરિમાણ સ્થાપિત કર્યાં છે. વર્ષ ૨૦૦૭માં સ્થપાયેલ ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ વર્ષ ૨૦૧૪માં સાત વર્ષ પૂર્ણ કરે છે ત્યારે જાણે સિદ્ધિનાં સાત સુવર્ણમય સોપાન સર કરે છે. સાત વર્ષના અંતે અતીતના પથ પર દૃષ્ટિ કરતાં જણાય છે કે આ સંસ્થાના ચંદરવામાં અનેક રંગો પૂરાયા છે અને સમગ્ર માહોલ રંગરાગથી યુક્ત છે, શિક્ષણ અને શિક્ષણેતર આયામોના અર્થમાં. આ સંસ્થાએ સાત વર્ષના ગાળામાં અનેક મહાનુભાવોના સંગ અને સહયોગમાં સુવર્ણમય ક્ષણોનો અદ્‌ભુતરસિક હાર ગૂંથ્યો છે. આ પ્રસંગે એવા મહાનુભાવોની સ્મૃતિઓને સાદર, સાનંદ વાગોળવાનો કે સંભારવાનો અમારે મન સ્મૃતિમહોત્સવ છે. અહીં આપેલી યાદી પ્રમાણેના મહાનુભાવોએ વિધવિધ પ્રસંગોએ મુલાકાત લઈ અમને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડયાં છે.

***માનનીય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત :***

૧. ભૂમિપૂજનનો પ્રસંગ : તા. ૨૯.૬.૨૦૦૬

૨. કૅરિયર ડૅવલપમેન્ટ, ટૅમ્પલ મૅનેજમેન્ટ અને ફોરેઈન લૅંગ્વજિઝના ઉદ્‌ઘાટન-પ્રસંગ : તા. ૭.૯.૨૦૦૭

૩. ભવ્ય શૈક્ષણિક ભવનના લોકાર્પણવિધિ-પ્રસંગ : તા. ૧૪.૬.૨૦૦૮

૪. પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી સ્મૃતિકક્ષના લોકાર્પણવિધિ-પ્રસંગ : ૫.૬.૨૦૧૧

૫. એમ.સી.એ. ભવનનિર્માણનો ખાતમુહૂર્ત-પ્રસંગ : ૧૫.૮.૨૦૧૩

***માનનીય મંત્રીશ્રીઓની મુલાકાત :***

૧. મંત્રીશ્રી આનંદીબેન પટેલ

૨. મંત્રીશ્રી રમણલાલ વોરા

૩. મંત્રીશ્રી માયાબેન કોડનાની

૪. મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ

૫. મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

૬. મંત્રીશ્રી વસુબેન ત્રિવેદી

***સાંસદશ્રી, ધારાસભ્યશ્રીની મુલાકાત :***

૧. સાંસદશ્રી હરિન પાઠક

૨. સાંસદશ્રી ડૉ. કિરીટ સોલંકી

૩. ધારાસભ્યશ્રી વલ્લભભાઈ કાકડિયા

૪. ધારાસભ્યશ્રી હસમુખભાઈ પટેલ

૫. પૂર્વધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ

***મેયરશ્રી, ડેપ્યૂટી મેયરશ્રીની મુલાકાત :***

૧. મેયરશ્રી અસિત વોરા

૨. મેયરશ્રી મીનાક્ષીબેન પટેલ

૩. ડેપ્યુટી મેયરશ્રી દર્શનાબેન વાઘેલા

૪. ડેપ્યુટી મેયરશ્રી જિતેન્દ્ર દેસાઈ

***શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓની મુલાકાત :***

૧. શિક્ષણ સચિવશ્રી પી. પનિરવેલ

૨. શિક્ષણ સચિવશ્રી હસમુખ અઢિયા

૩. શિક્ષણ સચિવશ્રી આનંદમોહન તિવારી

૪. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી રાજીવ ગુપ્તા

૫. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી જયંતી રવિ

***વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓની મુલાકાત :***

૧. શ્રી ડૉ. પરિમલ ત્રિવેદી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

૨. શ્રી ડૉ. અવધેશકુમાર સિંહ, ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ

૩. શ્રી પંકજ જાની, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

૪. શ્રી મનોજ સોની, ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ

૫. શ્રી કમલેશ જોષીપુરા, આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટી, ગાંધીનગર

***વાર્ષિકોત્સવ પ્રસંગે પધારેલા મહાનુભાવો :***

૧. શ્રી જિતેન્દ્ર શાહ, નિયામક, એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, વર્ષ ૨૦૦૭-૨૦૦૮

૨. શ્રી પંકજ જાની, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, વર્ષ ૨૦૦૯-૨૦૧૦

૩. શ્રી ગૌતમ પટેલ, આંતર્‌રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત, રાષ્ટ્રપતિશ્રી દ્વારા પુરસ્કૃત વિદ્વાન, વર્ષ ૨૦૧૦-૨૦૧૧

૪. શ્રી રાજેન્દ્ર શુક્લ, સુપ્રસિદ્ધ કવિ, વર્ષ ૨૦૧૧-૨૦૧૨

૫. શ્રી વિજય પંડ્યા, રાષ્ટ્રપતિશ્રી દ્વારા પુરસ્કૃત સંસ્કૃત ભાષાના વિદ્વાન, વર્ષ ૨૦૧૧-૨૦૧૨

૬. શ્રી ચિનુ મોદી, સુપ્રસિદ્ધ કવિ, વર્ષ ૨૦૧૨-૨૦૧૩

***સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે પધારેલા મહાનુભાવો :***

૨૦૦૭ : યુનિવર્સિટીમાં પ્રથમ આવેલ વિદ્યાર્થઓ દ્વારા

૨૦૦૮ : અમદાવાદના મેયર શ્રી અસિત વોરા

૨૦૦૯ : અમદાવાદના સાંસદ શ્રી ડૉ. કિરીટ સોલંકી

૨૦૧૦ : રખિયાલ વિસ્તારના ધારાસભ્ય શ્રી વલ્લભભાઈ કાકડિયા

૨૦૧૧ : ભૂપેન્દ્રભાઈ પટેલ, અમદાવાદ મ્યુનિ. સ્ટેન્ડિંગ કમિટિના સભ્ય

૨૦૧૨ : કુલપતિ શ્રી કમલેશ જોષીપુરા, આઈ.આઈ.ટી.ઈ. યુનિવર્સિટી,ગાંધીનગર

૨૦૧૩ : શ્રી એમ. આર. ઉપાધ્યાય, ઉચ્ચ શિક્ષણ વિભાગના પૂર્વ નિયામકશ્રી

***પ્રજાસત્તાકદિનની ઉજવણી નિમિત્તે પધારેલા મહાનુભાવો :***

૨૦૦૮ : યુનિવર્સિટીમાં પ્રથમ આવેલ વિદ્યાર્થઓ દ્વારા

૨૦૦૯ : કુલપતિ શ્રી પરિમલ ત્રિવેદી, યુનિવર્સિટી,અમદાવાદ

૨૦૧૦ : કુલપતિ શ્રી મનોજ સોની, ડૉ. આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ

૨૦૧૧ : શ્રી કમલેશ પટેલ, પૂર્વધારાસભ્યશ્રી, મણિનગર

૨૦૧૨ : ડેપ્યુટી મેયર શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અમદાવાદ મ્યુનિ.

૨૦૧૩ : અમરાઈવાડી વિસ્તારના ધારાસભ્ય શ્રી હસમુખભાઈપટેલ

૨૦૧૪ : ડેપ્યુટી મેયર શ્રી જિતેન્દ્ર દેસાઈ, અમદાવાદ મ્યુનિ.

આ ઉપરાંત મારે એ પણ ખાસ કહેવું છે કે આ સંસ્થાને શૈક્ષણિકક્ષેત્રે ગૌરવ અપાવવામાં પ્રાધ્યાપકશ્રીઓએ પણ પ્રસંશાપાત્ર કામગીરી કરી છે. સરકારશ્રીના નિયમાનુસાર કાયમી અને હંગામી કે મુલાકાતી અધ્યાપકો તરીકે જોડાયેલા તમામે નમૂનારૂપ કામગીરી કરી છે. વર્ષ અને વિષય પ્રમાણે કામગરી કરનારા પ્રાધ્યાપકોની યાદી નીચે પ્રમાણે છે :

***ગુજરાતી વિભાગ :***

૨૦૦૭-૨૦૦૮ : ડૉ. આરતી ત્રિવેદી, પ્રો. નિસર્ગ આહીર

૨૦૦૮-૨૦૦૯ : પ્રો. નિસર્ગ આહીર, પ્રો. આરતી પટેલ

૨૦૦૯-૨૦૧૦ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. જિતેન્દ્ર ખરાડી

૨૦૧૦-૨૦૧૧ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. વર્ષા પ્રજાપતિ, પ્રો. સંજય ચોટલિયા

૨૦૧૧-૨૦૧૨ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પન્ના ત્રિવેદી

૨૦૧૨-૨૦૧૩ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી

૨૦૧૩-૨૦૧૪ : પ્રો. નિસર્ગ આહીર, ડૉ. પ્રવીણ રથવી

**સંસ્કૃત વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : પ્રો. જેસિંગ વાંઝા, ડૉ. મહેશ પટેલ

૨૦૦૮-૨૦૦૯ : ડૉ. મહેશ પટેલ, ડૉ. મયૂર વ્યાસ, પ્રો. ભારતી પટેલ

૨૦૦૯-૨૦૧૦ : ડૉ. મહેશ પટેલ, પ્રો. અનિલ પટેલ, પ્રો. કમલેશ પટેલ

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. મહેશ પટેલ, ડૉ. સાગર પંડયા, ડૉ. અખિલેશ દ્વિવેદી, ડૉ. હીના ઠક્કર

૨૦૧૧-૨૦૧૨ : ડૉ. મહેશ પટેલ, ડૉ. વિષ્ણુ રાવલ

૨૦૧૨-૨૦૧૩ : ડૉ. મહેશ પટેલ, ડૉ. કિન્નરી પંચોલી, ડૉ. હેમલ રોહિત

૨૦૧૩-૨૦૧૪ : ડૉ. મહેશ પટેલ, ડૉ. કિન્નરી પંચોલી

**અંગ્રેજી વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : પ્રો. મુકેશ વ્યાસ

૨૦૦૮-૨૦૦૯ : પ્રો. મુકેશ વ્યાસ, પ્રો. સ્મિત હરિયાણી

૨૦૦૯-૨૦૧૦ : પ્રો. અમિતા મુન્દ્રા, પ્રો. રજની મેવાડા, પ્રો. પલક પટેલ

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. પ્રેમકુમાર સિંગ, પ્રો. ભાવના પાંડે, પ્રો. ઈશાન ભાવસાર, પ્રો. ખુશ્બૂ રાઠોડ

૨૦૧૧-૨૦૧૨ : પ્રો. મુબિના કુરેશી, પ્રો. આસ્મા મન્સૂરી, પ્રો. હિરલ પનારા

૨૦૧૨-૨૦૧૩ : પ્રો. જય મહેતા, પ્રો. પૂર્વી પંડયા

૨૦૧૩-૨૦૧૪ : પ્રો. અનસુયા મહેતા, પ્રો. ખુશ્બૂ ઝાલા, પ્રો. મુકેશ પરમાર

**મનોવિજ્ઞાન વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : ડૉ. તૃષા દેસાઈ

૨૦૦૮-૨૦૦૯ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. કમલેશ પટેલ

૨૦૦૯-૨૦૧૦ : ડૉ. તૃષા દેસાઈ, પ્રો. કિરણ વાઘેલા

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. મોહમ્મદ હાફીઝ કઠિયારા, પ્રો. પ્રિયંકા ઠક્કર

૨૦૧૧-૨૦૧૨ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. કમલેશ પટેલ, પ્રો. અશ્વિન આમરણિયા, પ્રો. વિભા દવે

૨૦૧૨-૨૦૧૩ : ડૉ. તૃષા દેસાઈ, પ્રો. સતીશ સક્સેના, પ્રો. મિત્તલ વેકરિયા

૨૦૧૩-૨૦૧૪ : ડૉ. તૃષા દેસાઈ, ડૉ. મેઘના પટેલ, ડૉ. શિલ્પા સિદપરા

**અર્થશાસ્ત્ર વિભાગ :**

૨૦૦૭-૨૦૦૮ : ડૉ. ગીતા પંડયા, પ્રો. અરવિંદ મ્યાત્રા

૨૦૦૮-૨૦૦૯ : ડૉ. ગીતા પંડયા, પ્રો. અલ્પેશ પટેલ

૨૦૦૯-૨૦૧૦ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, પ્રો. શૈલેષ ચાવડા

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, પ્રો. શૈલેષ ચાવડા

૨૦૧૧-૨૦૧૨ : ડૉ. ગીતા પંડયા, ડૉ. કેતન મહેતા, પ્રો. શૈલેષ ચાવડા

૨૦૧૨-૨૦૧૩ : ડૉ. ગીતા પંડયા, ડૉ. કેતન મહેતા, પ્રો. જિજ્ઞેશ પૂરબિયા

૨૦૧૩-૨૦૧૪ : ડૉ. ગીતા પંડયા, પ્રો. જગદીશ પરમાર, ડૉ. કેતન મહેતા

પ્રાચ્યવિદ્યા વિભાગ :

૨૦૦૭-૨૦૦૮ : ડૉ. મનીષા ભટ્ટ

૨૦૦૮-૨૦૦૯ : ડૉ. મનીષા ભટ્ટ

૨૦૦૯-૨૦૧૦ : ડૉ. મનીષા ભટ્ટ, પ્રો. ભૂમિ બ્રહ્મભટ્ટ, પ્રો. સ્વીટી પટેલ

૨૦૧૦-૨૦૧૧ : ડૉ. મનીષા ભટ્ટ, પ્રો. ભૂમિ બ્રહ્મભટ્ટ, પ્રો. સ્વીટી પટેલ

૨૦૧૧-૨૦૧૨ : ડૉ. મનીષા ભટ્ટ, પ્રો. સ્વીટી પટેલ

૨૦૧૨-૨૦૧૩ : ડૉ. મનીષા ભટ્ટ

૨૦૧૩-૨૦૧૪ : ડૉ. મનીષા ભટ્ટ

આ રીતે, કૉલેજના આરંભના વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધીનો શિક્ષણ અને અન્ય પ્રવૃત્તિઓનો આલેખ દોરતાં જે જે માનવસંધાનના વિવિધ રંગો પૂરાયા છે તેનો એક અનુપમ ચંદરવો રચાય છે. પ્રસિદ્ધ સાક્ષર પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીજીની પુણ્ય સ્મૃતિમાંથી આકારિત થયેલ આ શૈક્ષણિક સંસ્થામાં એમનાં કર્મને છાજે તેવી જ ગૌરવવંત વ્યક્તિઓની પરબ મંડાય એ સહજ-સવાભાવિક છે.

સાત વર્ષનાં આ સપ્ત સુવર્ણ સોપાનના પૂરાયેલ તેજ અને પ્રકાશના સંદર્ભે બધું જ ઝળહળ અને ભવ્યોજ્જ્વલ દેખાય છે. વિદ્યોપાસના કરતાં કરતાં જીવનનાં જે અન્ય અંગો છે એને પણ અનુપમ કરવા માટે વિદ્યાર્થીઓ માટે શિક્ષણેતર પ્રવૃત્તિઓ પણ જરૂરી છે. એટલે, વિદ્યાર્થીઓમાં સેવા, જાગૃતિ, નેતૃત્વ, પરિશ્રમ જેવા અનેક સંસ્કારો પ્રગટે તે માટે અમારી સંસ્થા સતત પ્રવૃત્તિશીલ રહી છે. આ સામયિકના આરંભે આપવામાં આવેલ તસવીરી સૃષ્ટિ અને અંતે આપવામાં આવેલ પ્રવૃત્તિઓની યાદી પરથી કોઈ પણ સુજ્ઞ જનને ખ્યાલ આવશે કે વર્ષ દરમિયાન અનેક પ્રકારની પ્રવૃત્તિઓ સંસ્થા દ્વારા, આચાર્યા દ્વારા, અધ્યાપકો દ્વારા અને વિદ્યાર્થીઓ દ્વારા સતત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓનું જીવન સર્વાંગી બને તે માટે ખાસ કાળજી લેવામાં આવે છે.

સંસ્થાના આંગણે પધારેલા અનેક મહાનુભાવોને કારણે વિદ્યાર્થીઓને અનેક ક્ષેત્રે લાભ થયો છે. નિયત અભ્યાસક્રમની સાથે સાથે કરવામાં આવતી અનેક પ્રવૃત્તિઓને કારણે અમારી સંસ્થાના વિદ્યાર્થી ઘણી દિશામાં કાર્યરત બની શક્યા છે. આંગણે પધારેલા મહાનુભાવોએ એમનામાં પ્રેરણાનું પ્રત્યક્ષ અથવા પરોક્ષ અમી પાયું છે. અમારી યાત્રાના પરમ સીમાસ્તંભોને સ્મરતાં આનંદાનુભૂતિ થાય છે.

## *Rehabilitation of Special Children in Society*

**-Dr. Trusha Desai**
**Head, Psychology Dept.**

Special child refers the lacking of ability or some limitations in performing activities which usually considered as normal for any human being. Special children may have mentally impaired or physically impaired like deaf and dumb, blind or any other physical disability from birth.This refers to a limitation in physical, sensory, cognitive or emotional functioning. These type of disability can affect the child's capacity to manage personal work, to learn, to maintain relationships and to bare the family responsibilities.

Rehabilitation Psychology is the study of psycho-social principal for habilitation of children who have physical, developmental, emotional or cognitive disabilities. These children and their parents are facing many problems in their upbringing and they may have to face many barriers; it can be social, personal or situational to establish them in the society.

The parents are having the most important role as a parent as well as a teacher for disable children. Both of them have to play dual role while especially during interaction with such children. Recently researchers have found that parent involvement can help to improve the performance of disable children faster their behaviour and attitudes. It also help them to improve coordination with family, teachers and other children. Good caring of parent increase their motivation, involvements and learning some skills in special children.

In a good and healthy family atmosphere these children can develop their potentialities. Not only that but they can develop due motor and social skills. The demands of society may fulfilled by such children without any type of pressure with the support of parents and family. Even teachers are equally important for special children. For such children teachers should be specially educated. Special teachers work as educators, counsellors, skill developers, coordinators to rehabilitate special child in society.

So role of family and teachers is most important in rehabilitation of special child. The care and protection of family and school environment may help them to develop and find them normal as others. Positive attitude of parents and siblings can provide skyfull opportunities. In short let me conclude in one sentence that Special child is not burden to a family or society but its an asset.

# કવિ અને કવિતા

-પ્રો. નિસર્ગ આહીર
ગુજરાતી વિભાગ

કલા માનવસંસ્કૃતિનું ઉચ્ચતમ અંગ છે. જીવનમાં સૌંદર્ય અને આનંદની રમણીયતા લાવનાર તત્ત્વ છે કલા અને સાહિત્યકલા એમાં સર્વોત્તમ છે. 'શબ્દ અને અર્થનું સાયુજ્ય એટલે સાહિત્ય' એમ કહેવાયું છે, પણ વસ્તુતઃ સાહિત્ય એટલે શબ્દાર્થનો અનુપમ અન્વય. સાહિત્ય ગદ્ય અને પદ્યમાં અભિવ્યક્ત થાય છે. ગીત, ગઝલ, ખંડકાવ્ય, નવલકથા, નવલિકા નાટક ઈત્યાદિ એના પ્રસિદ્ધ પ્રકારો છે. સાહિત્યપ્રકારો એટલે સાહિત્યને વ્યકત થવા માટેનો ચોક્કસ આકાર કે સર્જનપિંડ.

કવિતા એટલે પદ્ય, પણ દરેક પદ્ય એટલે કવિતા નહીં. સર્જક હોવા માટેની ત્રણ પ્રાથમિક શરતો છે એમ મમ્મટ 'કાવ્યપ્રકાશ'માં કહે છે. આ ત્રણ શરતો એટલે પ્રતિભા, નિપુણતા અને અભ્યાસ. કવિ જન્મતા હોય છે, બનતા નથી હોતા એમ પણ કહેવાયું છે. કવિ માટે પ્રતિભાની, સતત અભ્યાસની, કાવ્યનાં તમામ અંગોની જાણકારીની, છંદોલયની, અવનવીન પ્રયોગો કરવાની જરૂરિયાત રહે છે. કવિ માટેની સૌ પ્રથમ જરૂરી છે સંવેદનશીલતાની અને પોતાના કથનને વધારે ને વધારે સુંદરતાથી વ્યક્ત કરવાની. જે સારો ભાવક નથી, સારો માણસ નથી, અન્ય પ્રત્યે ઋજુ નથી, સૌંદર્યનો ચાહક નથી, દૂરનું જોઈ શકતો નથી, જેની પાસે નિહિત સત્ય પામવાની શક્તિ નથી, વસ્તુપદાર્થને અનેક રીતે જોવા-મૂલવવાની સૂઝ નથી તે કવિ જ નથી.

કવિતા માટે કલા અને કસબ બન્નેની જરૂર છે. કલા એટલે સ્થૂળ-સૂક્ષ્મ જગતની આનંદ અને રસમય અભિવ્યક્તિ. આ અભિવ્યક્તિ માટે કસબની જરૂર પડે છે. કાવ્યસ્વરૂપનું જ્ઞાન અને છંદોલયની સમજ સાથે ચોક્કસ આકારમાં કવિતાને બાંધી આપવી તે કસબ કહેવાય. આ રીતે અનુભૂતિને આકારબદ્ધ કરવામાં બન્નેનું સાહચર્ય હોય છે.

કાવ્યનો આત્મા શું છે તેની શોધ અર્થે ભારતીય પરંપરામાં અનેક ધારાઓ વિકસી છે. કાવ્યના આત્મા તરીકે અલંકાર, રસ, ધ્વનિ, ઔચિત્ય, રમણીયતા, વક્રોક્તિ એવા અનેક મતો સ્થપાયા. સમગ્ર રીતે જોઈએ તો નીચે પ્રમાણેનાં અંગો કાવ્યસર્જન માટે જરૂરી છે, કેટલાંક અનિવાર્ય છે :

- કવિનું ભાવજગત અને અનુભૂતિજગત વ્યાપક અને તીવ્ર હોય તો જ ઉત્તમ કાવ્ય બને. નિરીક્ષણશક્તિ પણ તીવ્ર હોવી જોઈએ. કવિતાના વિષય તરીકે તો અમાપ શક્યતાઓ રહેલી હોય છે, પણ દરેક વસ્તુપદાર્થ કે અનુભૂતિને કાવ્યવિષય બનાવે કવિનું નિજી સંવેદન અને કર્તૃત્વ.

- છંદોલય કવિતાની પ્રમુખ શરત છે. લય સૌંદર્યની પ્રાથમિક જરૂર છે અને કવિતામાં તે અનિવાર્ય છે. કવિતા છંદમુક્ત હોય તો પણ તેમાં લયનાં અનેક સ્તરો જળવાવાં જ જોઈએ. એટલે છંદનું પાક્કું જ્ઞાન, લયની સમજ અને પ્રાસની જાણકારી હોવી જ જોઈએ. લય માટે કાન સરવા હોવા જોઈએ. યાદ રહે કે કવિતા વાંચવાની વસ્તુ નથી, એ તો કાનની કલા છે. એક અર્થમાં રસઘન, લયયુક્ત, મધુર, ટૂંકી અને મર્માળી ઉક્તિ એટલે જ કવિતા.
- ઉક્તિનું સૌંદર્ય કવિતા માટે અનિવાર્ય છે. જે કંઈ પણ વ્યક્ત કરવાનું હોય તે સુંદર રીતે, સુંદર શબ્દોમાં અને સુંદર પદાવલિમાં, રસિક રીતે, ભાવ અને શબ્દને લાડ લડાવીને કહેવાનું હોય છે. ભાવ તો રમણીય હોવો જ જોઈએ, ઉક્તિ પણ રળિયામણી હોવી જોઈએ.
- કવિ બે પ્રકારે પોતાનું કથયિત્વ વ્યક્ત કરે છે : નિજની અંગત અનુભૂતિરૂપે અને બાહ્ય પદાર્થના સંયોગે નિજી દર્શનરૂપે. આને અનુક્રમે 'આત્મલક્ષી' અને 'પરલક્ષી' કાવ્ય કહે છે.
- યોગ્ય અલંકારો સાથે, યોગ્ય પ્રતીકો કે કલ્પનો સાથે, અને નવીન પદાવલીના રૂપે પંક્તિ આવવી જોઈએ. આ બધાં કાવ્યને ઉપકારક અંગો છે, તે સહજ અને એકરૂપ થઈને આવવાં જોઈએ. યાદ રહે કે અલંકાર, પ્રતીક, કલ્પનનો ખડકલો એ કવિતા નથી જ. એ આગંતુક કે કૃતક લાવગાં જોઈએ નહિ. ઉપકારક જ નહિ, અનિવાર્ય સામગ્રી જ કવિતાનું સૌંદર્ય બને છે.
- લાઘવ, ટૂંકાણ એ કવિતાનું પાયાનું અંગ છે. થોડામાં ઘણું કહેવું, ગાગરમાં સાગર સમાવવી કવિતામાં અનિવાર્ય છે. કવિતા બધું જ મુખર થઈને, બોલકી બનીને કહે નહિ. એમાં તો સંકેતો હોય, છૂપા રસને પામવાના ઈશારા હોય. જેટલી સૂક્ષ્મતા એટલું કાવ્ય વધારે રમણીય. બધું જ કહી દેવાનો મોહ ન રાખવો, અડધું કહીને છોડી દેવાની પણ કવિતામાં મજા હોય છે. આ પ્રકારની સૂક્ષ્મતા, સંકેતાત્મકતાને આપણી પરંપરાએ 'ધ્વનિ'ના નામે આવકારી છે.
- કવિતાની પંક્તિ શિથિલ નહીં, પણ સઘન હોવી જોઈએ. કોઈ પણ અનુભૂતિ, દર્શન, આવેગ, ઊર્મિ, સંવેદન ઈત્યાદિનું જો રસરૂપ અને રસઘન ઉક્તિમાં પરિણમન ન થાય તો તે કવિતા બનતી નથી.
- પદાવલિ, પદાન્વય કે શબ્દોની ગોઠવણી અને પસંદગી ખૂબ જ જરૂરી હોય છે. શબ્દો, એના પર્યાયો કે સાંદર્ભિક વિશેષણોનો યોગ્ય રીતે ઉપયોગ કરવો, યોગ્ય જગ્યાએ યોગ્ય શબ્દ મૂકવો અને સીધી-સપાટ ઉક્તિને બદલે તેનો પદક્રમ બદલાવીને કાવ્યબાનીને નિખારવાની હોય છે.
- પ્રાસાદિકતા કવિતાનો આગવો ગુણ છે. કવિતા વાંચતાં, પાઠ કરતાં રમણીયતાનો, આનંદનો અનુભવ થાય, સાથે સાથે એમાંની કમનીય રસિક એવી સમગ્ર લલિત સંવાદિતાનો અનુભવ પણ થાય એ ઈચ્છનીય છે. યાદ રહે કે કવિતા આનંદલક્ષી છે, રસલક્ષી છે. તેના પર જ્ઞાન, વિચાર ઈત્યાદિનાં ભારેખમ ભારણ ન જ લાદવાં જોઈએ. વિચાર ગંભીર હોય તો પણ રમણીય રીતે વ્યક્ત થવો જોઈએ.

- રજૂઆતનું નાવીન્ય અનિવાર્ય છે. એકના એક વિષય પર હજારો કવિતા મળે છે પણ દરેકમાં જો કથનનું નાવીન્ય ન હોય તો કવિતાનો શો અર્થ ? એટલે, કોઈ પણ કવિએ પોતાના કથયિતવ્યને આગળપાછળ, ઉપરનીચે, દૂર અને નજીક જઈને અનેક રીતે જોવું જોઈએ, તપાસવું જોઈએ, અનેક રીતે એને મૂકીને જે અનેક અર્થચ્છાયાઓ મળે તેમાંથી ઉત્તમ હોય તેને જ આખરી ઓપ આપવો જોઈએ. કવિતાને તરત જ ઉતારીને છપાવી દેવાનો મોહ નહીં રાખવો જોઈએ. કથયિતવ્યને ઘાટ આપ્યા પછી થોડું દૂર જઈને, સમયનું પણ અંતર રાખીને એને જોવી જોઈએ અને અનેક સંદર્ભમાં મૂકીને પછી જ સુધારાવધારા સાથેનો આખરી ઓપ આપવો જોઈએ. કવિતા સ્વાન્તઃ સુખાય, પોતાના આનંદ માટે છે એ સાચું છે, પણ જ્યારે એને અન્ય સમક્ષ પ્રસ્તુત કરીએ ત્યારે તે અન્યની મૂડી પણ બને છે. અન્યને કલાનુભવ તો જ થાય જો તેમાં કલાગત તમામ પ્રયુક્તિઓ અને માવજત થયેલાં હોય. કવિતાની પ્રસ્તુતિ એક ગંભીર બાબત છે. કાવ્યરચનાને રમત તરીકે, 'હું તો મારા માટે લખું છું' એવી બડાઈ સાથે વહેતી ન જ મૂકવી. જો કોઈની આવી માન્યતા હોય તો તેણે એને પ્રગટ-પ્રકાશિત ન જ કરવી જોઈએ. કાવ્યાનંદ અંગત વસ્તુ છે પણ એને ઢોલશરણાઈ સાથે રમતી મૂકવી એ તો જવાબદારીભર્યું કામ છે.

કવિતા જીવનનું સૌંદર્ય છે. અનેકના અનુભવો, લાગણીઓ, ઊર્મિઓ, તરંગો, કલ્પનાઓ, ઈચ્છાઓ, આશાઓ, સૌંદર્યો, અપેક્ષાઓને લઈને; એ સર્વનું સાધારણીકરણ કરીને કવિતા જન્મે છે. કવિતામાં આપણા વતી કોઈક વાત કરી રહ્યું છે એમ સતત લાગ્યા કરે છે. એટલે કવિના ભાવ એના અંગત ન રહેતાં ભાવકના બની જાય છે, બિનઅંગત બની જાય છે. જગતનું સ્થૂળ-સૂક્ષ્મ નિહિત કે ગોપિત સૌંદર્યને હૃદયગામી કરવાનું, રસભોગ્ય કરવાનું કામ કવિ કરતો હોવાથી એને સર્જક, દ્રષ્ટા કે ઋષિ જેવાં વિશેષણોથી વિભૂષિત કરવામાં આવેલ છે. સૂતેલા ભાવને જાગૃત કરીને ચિત્તને રસપ્લાવિત કરનાર કે ભાવવિરેચન કરનાર કવિ અને કવિતાની સૃષ્ટિ જેટલી સન્માનનીય છે તેટલી જ જવાબદારીપૂર્ણ પણ છે. કવિ કાવ્યપદાર્થને સર્વાંગ સાક્ષાત કરે પૂરી સજ્જતાથી કાવ્યરચના કરે એ જ કલાસૃષ્ટિ માટે અભિપ્રેત છે.

# *ગઝલકાર મરીઝ*

*-ડૉ. પ્રવીણ રથવી*
*ગુજરાતી વિભાગ*

'મરીઝ' એવા તખલ્લુસધારી ગઝલકારનું મૂળ નામ છે અબ્બાસ અબ્દુલઅલી વાસી. તેમનો જન્મ ૨૨.૨.૧૯૧૭ના રોજ સુરતમાં થયેલો. બચપણમાં માતાની હૂંફ તેમણે ગુમાવી દીધેલી. અભ્યાસ બે ચોપડી સુધી કર્યો. સુરત છોડી મુંબઈમાં ગયેલા આ ગઝલકારે આર્થિક વિષમતા સામે સંઘર્ષ કર્યો. શરાબની લતને કારણે ઠીક ઠીક બદનામી થઈ. જીવનમાં નિષ્ફળ રહેલા મરીઝે ગઝલના સર્જનમાં સફળતા જ સફળતા હાંસલ કરી છે. એમની આ સફળતાને કારણે જ 'ગુજરાતના ગાલિબ'નું બિરુદ તેમને મળ્યું.

મરીઝનું વ્યક્તિત્વ સ્વાભિમાની છે. એમના એક શે'રમાંની એમની ખુમારીનો આપણને પરિચય થાય છે :

> 'કહો દુશ્મનને, દરિયા જેમ હું પાછો જરૂર આવીશ,
> એ મારી ઓટ જોઈને કિનારે ઘર બનાવે છે.'

મરીઝની ગજલોમાં ચિંતનની સરવાણી સતત વહેતી રહે છે. જીવનના અનુભવોએ એમને ઘણું સમજાવ્યું છે. એમની ગઝલોમાં ક્યારેક ઉપનિષદનો સાર સહજ રીતે અવતરે છે. આ શે'ર જુઓ :

> 'બસ એટલી સમજ મને પરવરદિગાર દે !
> સુખ જ્યારે જ્યાં મળે, ત્યાં બધાના વિચાર દે.'

જીવનને જીવવા માટે દરેક વ્યક્તિએ સમાધાન કરવું પડે, સંતોષ માનવો પડે. વ્યંગ્ય પણ એમની ગઝલોમાં આપાર નીકળી જાય એવો ધારદાર હોય છે. વ્યક્તિની પડતી હોય ત્યારે દરેક સ્વજન ડાહ્યા બનીને શિખામણ આપે છે અને દુર્દશા પામનાર વ્યક્તિની સામે પોતે કેવો મહાન છે એવું સાબિત કરવાનો પ્રયત્ન કરે છે. આવી સ્થિતિને મરીઝ સરળતા સાથે કેવી રીતે રજૂ કરે છે, જુઓ :

> 'બસ, દુર્દશાનો એટલો આભાર હોય છે,
> જેને મળું છું, મુજથી સમજદાર હોય છે.'

લોકોની તમાશાવૃત્તિ પર મરીઝે નીચેના શે'રમાં કેવો વેધક વ્યંગ્ય કર્યો છે ! –

'ટોળે વળે છે કોઈની દીવાનગી ઉપર,
દુનિયાના લોકો કેવા મિલનસાર હોય છે !'

મરીઝની ગઝલોમાં તત્ત્વચિંતન સઅજ રીતે અવતર્યું છે. જીવનની ક્ષણભંગુરતાથી નિશ્રાશ થવાને બદલે મરીઝ આમ કહે છે –

'જિંદગીના રસને પીવામાં કરો જલદી, મરીઝ !
એક તો ઓછી મદિરા છે, ને ગળતું જામ છે.'

મરીઝના ઘણા શે'ર તેમના અંગત જીવનનો દસ્તાવેજ બનીને આવે છે. મરીઝનું જીવન અનેક ચડાવ-ઉતારથી હારેલું રહ્યું છે. નીચેના શે'રમાં એમના જીવનનો રંગ આલેખાયો છે :

'સંગાથી શાયરો આગળ વધી ગયા કેવા ?
જુઓ 'મરીઝ'ને, જેવો હતો એ એમ રહ્યો.'

'હવે કહો કે જીવન-દાસ્તાન કેમ લખાય ?
અહીં તો જે જે પ્રસંગો છે, સંકલિત નથી.'

'દુનિયામાં કંઈકનો કરજદાર છું, 'મરીઝ',
ચૂકવું બધાનું દેણ, જો અલ્લાહ ઉધાર દે.'

મરીઝની ગઝલોમાં મિજાજનું પ્રગટીકરણ ઉત્તમ રીતે થયું છે, ભાવ-સંવેદનનું સહજ રીતે અવતરણ થયું છે. પ્રણયસંવેદનની નજાકતપૂર્ણ રજૂઆત એક અલગ ભાવવિશ્વ ખડું કરી આપે છે. જીવનની સમજદારી અને અનુભવનો સરવાળો એમની ગઝલોમાં વ્યક્ત થયો છે. કલ્પનાને મુકાબલે વાસ્તવિક્તાની ભોંય પર મરીઝની ગઝલ પ્રગટ થાય છે. જીવનમાં કડવાશ વેઠતા આ સર્જક જીવનમાં કડવાશ આલેખવાને બદલે હકારાત્મક રહ્યા છે. નિષ્ફળતાન. સહજ રીતે સ્વીકારનાર આ ગઝલકારનો શે'ર જુઓ –

'મારી નિષ્ફળતા ભલી, એમાં કોઈ ખામી નથી,
ઓ સફળતા ! કોણ અહીં સંપૂર્ણ ફાવી જાય છે ?'

મરીઝના આ શે'રમાં પ્રગટતી હકારાત્મકતા જુઓ :

'હું ક્યાં કહું છું, આપની 'હા' હોવી જોઈએ,
પણ 'ના' કહો છો એમાં વ્યથા ઓવી જોઈએ.'

'પૃથ્વીની આ વિશાળતા અમથી નથી, ઓ 'મરીઝ',
એના મિલનની ક્યાંક જગા હોવી જોઈએ.'

ગઝલના કાવ્યસ્વરૂપ સાથે વિશેષ રીતે પ્રેમસંવેદન જોડાયેલું હોય છે. મહોબ્બત મરીઝની ગઝલનો પ્રમુખ પડાવ છે. ઈશ્કેમિજાજીપણું એમની ગજલોમાં વિશેષ રીતે પ્રગટતું રહ્યું છે. મરીઝની ગઝલોમાં પ્રેમસંવેદનનું સાચુકલું આલેખન થયું છે. પ્રેમની તમન્ના, વિરહ અને નિષ્ફળતાની વાતો એમની ગઝલોમાં વિશિષ્ટ રીતે આલેખાઈ છે. પ્રેમને વ્યવહારુ ડહાપણ ગમતું નથી. સમજદારીને છોડવાનું પસંદ કરીને પણ મરીઝ કહે છે તેમ -

'કેવી મજાની પ્રેમની દીવાનગી હશે !
કે જ્યાં મરીજ જેવો સમજદાર પણ ગયો !'

પ્રેમીજનો સામાન્ય રીતે મિલન માટે આતુર હોય છે, મિલનની ક્ષણો આવી પહોચતાં સ્થિતિ કેવી પલટાઈ જાય છે , તેનો અનુભવ આ શે'રમાં અભિવ્યક્ત થયો છે :

'એ સૌથી વધુ ઉચ્ચ તબક્કો છે મિલનનો,
કહેવાનું ઘણું હોય ને કશું યાદ ન આવે !'

મિલન કરતાં વિરહ જ પ્રેમની સાચી ઓળખ આપે છે. મરીઝ આ વાત રજૂ કરતાં કહે છે :

'બધો આધાર છે એના જતી વેળાના જોવા પર,
મિલનમાંથી નથી મળતા મહોબ્બતના પુરાવાઓ.'

પ્રેમનો જાદુ મરીઝ સારી રીતે સમજે છે. પ્રેમ શું કરી શકે છે તેના જવાબમાં જાણે કહેતા હોય તેમ કહે છે –

'હું મદિરા 'મરીઝ' ત્યાગી દઉં,
પ્રેમપૂર્વક મના કરે કોઈ.'

જમાનાની ઠેર ઠેર ઠોકરો મરીઝે આધી છે. જમાનાનો અનુભવ એમણે ખૂબ લીધો છે. કેટલાંક સત્યો અનુભવથી જ સમજાય છે. અનુભવથી જગતનો સાચો પરિચય થાય છે. કેટલાંક એવાં સત્યો મરીઝની કલમમાંથી પ્રગટ્યાં છે :

‘કાયમ રહી જો જાય તો પેગંબરી મળે,
દિલમાં જે દર્દ કોઈ વાર હોય છે.’

‘કોઈ એક દિનમાં સુખી થાતું હશે કોને ખબર,
મેં એ જોયું કંઈક એક દિનમાં દુઃખી થઈ જાય છે.’

દુનિયામાં એને શોધ તું, ઈતિહાસમાં ન જો,
ફરતા રહે છે કંઈક પયગમ્બર કહ્યા વિના.’

મરીઝની ગઝલોનું ભાષાકર્મ નોંધપાત્ર છે. બોલચાલની ભાષામાં આલેખાયેલા એમના શે’રમાં ભાષાની સાદગી છે. સરળ રીતે અભિવ્યક્ત થવાનું મરીઝ માટે સહજ છે. રોજિંદી બોલચાલની ભાષાનો ઉપયોગ કેવી રીતે કરે છે મરીઝ તે જુઓ –

‘એની અંદર શું હશે, મારી બલા જાણે ‘મરીઝ’,
બહારથી તો પથ્થર મળ્યા મસ્જિદ અને મંદિરને.’

કહેવતો અને રૂઢિપ્રયોગોથી ગઝલને વધુ અસરકારક બનાનવવાનું મરીઝને માટે સરળ છે. આ રે’ર જુઓ –

‘બાંધી મુઠ્ઠી લાખની થઈ ગઈ છે સાચા અર્થમાં,
આપના પાલવનો છેડો હાથમાં આવી ગયો.’

મરીઝ શબ્દોની વિશિષ્ટ યોજના કરી કાવ્યાતઢમક ચમત્કૃતિ જન્માવવામાં સફળ રહ્યા છે. આ શે’ર જુઓ –

‘ન્યાયમાં મહેરબાની રાખે છે,
મહેરબાનીમાં જેની ન્યાય નથી.’

મરીઝ ગુજરાતી ગઝલનું પ્રથમ હરોળનું પ્રથમ નામ છે. ગઝલ જેવા કાવ્યસ્વરૂપ લેખે પ્રસ્થાપિત કરવામાં મરીઝનો ફાળો ઘણો મોટો છે. મરીઝની અભિવ્યક્તિ નિરાળી છે, આગવી છે. વિચારોની તાજપ અને ભાષાનું સાદગીસભર સૌંદર્ય મરીઝની સર્જકતાનો આવિષ્કાર પ્રગટાવે છે. લોકપ્રિયતાની સાથે સાથે ગઝલોનું કાવ્યતત્ત્વ પણ અસરકારક રહ્યું છે. મરીઝના મિજાજને સૌથી વધુ અનુકૂળ આ કાવ્યસ્વરૂપ આવ્યું છે. આમ, મરીઝ ગુજરાતી ગઝલનું એક વિશિષ્ટ નામ છે.

***Psychology in Literature:***

***With Special reference to Stream of Consciousness Novel***

**-Prof. Ansuya Mehta**

**Head, English Dept.**

What is Consciousness? It means a) the state of being awake and aware of one's surroundings b) the awareness or perceptions of something by a person. You can add more meanings and definition given by other psychologists. Everything we know about word comes through brain. Yet for each of us our own consciouss mental world of thoughts and feelings is isolated and private. The philosopher David Chalmers has speculated on a number of ways in which quantum mechanics might relate to consciousness.

Stream of Consciousness refers t the flow of thoughts in the conscious mind. The full range of thoughts that one can be aware of, can form the content of this stream, not just verbal thoughts. Commonly used experimental techniques, including self reporting, gives easier access to verbal thoughts than to thoughts more closely connected to senses other than hearing and activities other than speaking and writing.

The phrase "Stream of Consciousness" occurs in Buddhist Scriptures (Pali) the Yogachara School of Mahayana Buddhism developed the idea into a thorough theory of mind. Hammalawa Saddhatissa Mahathera writes:

"There is no self" that stands at the mentality to which characteristics and events occurs and from which they fall away. Leaving in intact at death. The stream of consciousness, flowing through many lives, is as changing as a stream of water. This is anatta doctrine of Buddhism as concerns the individual being.

The psychologist William James brought this concept of Stream of Consciousness novel in the year 1890 in his book 'The Principles of Psychology'. He was enormously skepticle about using introspection as a technique to understand the stream of consciousness.

“The attempt of introspective analysis these cases is infact like seizing a spinning top to catch its motion, or trying to turn up the gas quickly enough to see how the darkness looks”.

The definition of Stream of Consciousness according to Encyclopaedia Britanica is, Stream of Consciousness, in non dramatic fiction intended to render the flow of myriad impressions – visual auditory, physical associative and subliminal – that unpinge on the consciousness of an individual and form part of his awareness along with the trend of his rational thoughts.

In literacy sense stream of consciousness is a special style of interior monologue : which an interior monologue presents a characters thought directly without the apparent intervention of summarizing and selecting narrator, it does not necessarily mingle them with impressions and perceptions, nor does it necessarily violate the norms of Grammar, Syntax and Logic, but the stream of consciousness technique one or both of these things. An important device of modernist fiction and its later limitators, the technique the technique was pioneered by Dorothy Richardson in Piligrimate (1915-35) and by James Joyce in Ulysees (1922), and further developed by Virginia Woolf in Mrs. Dalloway (1925) and William Faulkner in The Sound and the Fury (1928). So many other novelist too tried their hand on this technique later was introduced to the field of literacy studies from that of psychology. Stream of Consciousness and interior monologues are dislongusied from dramatic monologues in which the speaker is addressing an audience or a third person as in poetry and drama.

Secondly, the characters thoughts. One of the key benefits of written fiction is also one of the most difficult technique to master. The inner narrative of the characters. And it is shown by K.M. Weiland as

1. Let your character think.
2. Show personality through word choice.
3. Show personality through how the character views the world.
4. Illustrate character arc.
5. Choose the best way to punctuate thoughts. Third is selecting narrator. A writer may choose to let narrators tell the story from different point of view. Then it is upto reader to decide which narrator seems most reliable for each part of story. See the intense works of Louise Erdrich, In as I Lay Dying is a prime example of the use

of multiple narrators Faulkner employees Stream of Consciousness by narrating story from the first person view of multiple characters. Other important aspects are Impressions and Perception which themselves are intense and individual topics that needs special attention.

Referring again to stream of consciousness novel, that carries probing into the soul, analysis of motives and mental process. It depicts the flux of emotions and sensations passing through the consciousness of character, without any organization of ordering on the part of the novelists. The action moves backwords and forwards in harmony with the thought process.

According to H.W. Leggets, a novel is not reproduction of life, it is recreation. It is recreation of life in such a manner that something which is not present in real life manifests itself something we may call a comment, a judgement, a gesture, a valuation. It is in fact, something that gives to the life depicted in fiction a significance.

The novel belongs to the real of fiction. But novel is not entirely fictitious because it has roots in the novelist’s experience of human life and his understanding of human nature and psychology the novelist cannot make novel out of chartic raw material of life because it is not in artistic position, No novel however formless can afford to be as formless life it is wrong to admire it as mirror of life because it is more than that.

Susan Blackmore challenged the concept of Stream of Consciousness in severl papers. She writes....

“When I Say that consciousness is an illusion I don’t mean that consciousness does not exist. I mean that consciousness is not what appears to be. It is seems to be a continuous stream of rich and detailed experiences, happening one after the other to a conscious person, this is the illusion.”

So the sump up, one can say, novel is formed by characters and incident through which one can study psychological aspects. The thought process, feelings, emotions, actions and reactions shows human behaviour it in its original form and by analysing it we can find principles of psychology, therefore psychology and literature both are related to each other.

-સાગર જાદવાણી
ટી.વાય.બી.એ.

૧
સુખદુઃખ મનનું કારણ છે,
વ્યર્થ વિચારવાનું ભારણ છે;
તૂટ્યાં દિલ જોડી શકે,
પ્રેમ એવું  ઝારણ છે;
પ્રેમમાં મોટી શક્તિ છે,
 પ્રેમ વેરનું મારણ છે;
સુખદુઃખનો સમન્વય જ
પ્રેમ જીવનનું તારણ છે;
વાતનું વતેસર થાય છે તેથી,
"મૌન" કર્યું મેં ધારણ છે.

૨
જિંદગી બદલાવી શકાય એવું શહેર કયાં છે ?
દુનિયાનો છેડો ગણાય એવું ઘર કયાં ?
મને દુઃખો આપનારો પરવરદિગાર કયાં છે ?
જિંદગાની ચલાવી શકાય એવો આધાર કયાં છે ?
હવે એની તસવીરમાં એવો શણગાર કયાં છે ?
સાથ આપશે જીવનમાં એવો અણસાર કયાં છે ?
હૃદય ભૂલી જશે એમને એવો વિચાર કયાં છે ?
એને હારી-જીતી શકાય એવો જુગાર કયાં છે ?
વફાની કતારમાં જોવાય એને એવી નજર કયાં છે ?
પ્રણય શું કહેવાય એવી એને તો ખબર કયાં છે ?
સુંદર છે ચહેરો પણ સાફ એનું અંતર કયાં છે ?
લાગણીઓના વેપારમાં વળી કોઈનું ઉધાર કયાં છે ?
એને ભૂલી શકાય હવે એવી મારી કબર કયાં છે ?
એને પામી શકાય એવી મારી તકદીર કયાં છે ?

## *Aadhar: The new approach of identification*

**-Prof. Jagdish Parmar**
**Economics Dept.**

### Preface:

Imagination of Unique Identification Number project firstly done by Indian government planning commission in the entire India. So that each and every person get unique identity. It is being formed so that welfare planning can be easily executed. This authority is formed in 2009 and its head quarter is in Delhi. Nandan Nilekani is the chairman of this organization and Ram Sevak is acting as Director General for this project, seven deputy in General are working for this project annual budget 2010 is estimated Rs. 3000 Cruor.

### What is Aadhaar?

Aadhaar is a 12 digit individual identification number issued by the Unique Identification Authority of India on behalf of the Government of India. This number will serve as a proof of identity and address, anywhere in India. Any individual, irrespective of age and gender, who is a resident in India and satisfies the verification process laid down by the UIDAI can enroll for Aadhaar. Each individual needs to enroll only once which is free of cost. Each Aadhaar number will be unique to an individual and will remain valid for life. Aadhaar number will help you provide access to services like banking, mobile phone connections and other Govt and Non-Govt services in due course.

### Some other information about Aadhaar:

Aadhaar will be: Easily verifiable in an online, cost-effective way Unique and robust enough to eliminate the large number of duplicate and fake identities in government and private databases A random number generated, devoid of any classification based on caste, creed, religion and geography.

| WHAT AADHAR IS | WHAT AADHAR ISN'N |
| --- | --- |
| • *A number (12 Digits)* | • *Another Card* |
| • *For every individual, including infants* | • *One per family* |
| • *Enables identification, and is for every resident* | • *Establishes Establishes citizenship and is only for Indians* |
| • *Will collect demographic and biometric information to establish uniqueness of individual* | • *Will collect profiling information such as caste, religion, language* |
| • *Voluntary* | • *Mandatory* |
| • *For every resident, irrespective of existing documentation* | • *Only for individuals who possess identification documents* |
| • *Each individual will be given a single unique ID number* | • *Individual can obtain multiple AADHAAR s* |
| • *UIDAI will enable a universal identity infrastructure that any ID based application like ration card, passport etc. can use* | • *AADHAARs will replace all other IDs* |
| • *UIDAI will give a "Yes" or "No" response for any identification authentication queries* | • *UIDAI information will be accessible to public and private agencies* |

## Why Aadhaar?

Aadhaar-based identification will have two unique features: Universality, which is ensured because Aadhaar will over time be recognized and accepted across the country and across all service providers. Every resident's entitlement to the number.

The number will consequently form the basic, universal identity infrastructure over which Registrars and Agencies across the country can build their identity-based applications.

Aadhaar will ensure increased trust between public and private agencies and residents. Once residents enroll for Aadhaar, service providers will no longer face the problem of performing repeated Know Your Customer (KYC) checks before providing services. They would no longer have to deny services to residents without identification documents. Residents would also be spared the trouble of repeatedly proving identity through documents each time they wish to access services such as obtaining a bank account, passport, or driving license etc.

By providing a clear proof of identity, Aadhaar will empower poor and underprivileged residents in accessing services such as the formal banking system and give them the opportunity to easily avail various other services provided by the Government and the private sector.

The centralized technology infrastructure of the UIDAI will enable 'anytime, anywhere, anyhow' authentication. Aadhaar will thus give migrants mobility of identity. Aadhaar authentication can be done both offline and online.

Through this system, authorized individuals ('Introducers') who already have an Aadhaar, can introduce residents who don't have any identification documents, enabling them to receive their Aadhaar.

**How to get an Aadhaar?**

- Aadhaar enrolment is free.
- You can go to any authorized Aadhaar enrollment center anywhere in India with your identity and address proof.
- UIDAI process accepts 18 PoI (Proof of Identity) and 33 PoA (Proof of Address) documents. Common proofs of identity and address are election photo ID card, Ration card, passport and driving license.
- Photo ID cards like PAN card and Govt ID cards are permissible for identity proof. Address proof documents also include water – electricity – telephone bills from the last three months.
- In case you do not have above common proofs, Certificate of Identify having photo issued by Gazetted Officer/Tehsildar on letterhead is also accepted as PoI. Certificate of Address having photo issued by MP or MLA /Gazetted Officer/Tehsildar on letterhead or by Village Panchayat head or its equivalent authority (for rural areas) is accepted as valid PoA.
- Where there are no documents available, resident may also take the help of Introducers available at the enrolment centre. The Introducers are notified by the Registrar.
- At the enrollment center, please fill your personal details within the form. Your photo, finger-prints and iris scan will also be taken as a part of the enrollment. You can review the details you have provided and make corrections during

enrolment itself. You will get an acknowledgment slip with an temporary enrolment number and other details captured during enrolment

- You need to enroll only once. Enrolling again is a waste of your time as you will get only one Aadhaar number.
- Based on your information provided, your details will be verified centrally. If your application is successful, an Aadhaar number will be generated and mailed to your address.
- The waiting time for Aadhaar may vary from 60-90 days after receipt of resident data packets in CIDR. However, it could take even longer in case enrolment is done through NPR exercise.

**Reference :**


- Unique Identification authority of India
- Safari Magazine
- Gujarat 2000 Western Time of India
- The Times of India News Paper
- Modern Economics (Anmol Publication) FCI Repor
- Social And Economical Problems (2011-12)

## કલાપીનો કાવ્યાસવ

-સં. ગાયત્રી વાઘેલા
એફ.વાય.બી.એ.

પ્રેમીએ પ્રેમી જાતાં તો બીજાથી પ્રેમ જોડવો,
આવું કાં ન કરે સૌ, એ પ્રેમી જો કે મળે ખરો ?
જોડવી એક જોડીને, બે કો ખંડિત થાય તો,
બન્નેનાં એકબીજાથી ઓછાં જેથી બને દુઃખો

જીવવું જીવ લેઈને, આંહી એવી દીસે રીતિ !
કોઈને દુઃખ દેવાથી તૃપ્તિ કેમ હશસ થતી ?

પ્રેમમાં સદા બધું અર્પાય
અર્પતાં પ્રેમ કેમ વિલાય ?
શ્વાસ આ રસ લેતો ભલે,
શ્વાસ જે આખર અર્પું તને !

કેમ હસાયે, કેમ રડાયે, દિલનો તૂટ્યો તાર !
તૂટ્યું વીણા કેમ બજાવું, એ બસૂરો ઝણકાર !

આંહી સદા જખમીને જખમી જ શોધે,
રોતાં ભીનાં નયનને રડનાર લૂછે;
લાધે અહીં ક્વચિત્ ઘાયલ બે સમાન,
એનુંય એ ઘડીકમાં તૂટી જાય તાન.

**Role of Banks in Agricultural Sector: Gujarat-India.**

**-Dr. Ketan Mehta**
**Economics Dept.**

**Introduction:**

Banking can be defined as the business activity of accepting and safeguarding money owned by other individuals and entities, and then lending out this money in order to earn a profit. However, with the passage of time, the activities covered by banking business have widened and now various other services are also offered by banks. It is well said that banking plays a silent, yet crucial part in our day-to-day lives. The banks perform financial intermediation by pooling savings and channelizing them into investments through maturity and risk transformations, thereby keeping the economy's growth engine revving. Agriculture plays an essential role in the process of economic development of less developed countries like India. Besides providing food to nation, agriculture releases labour, provides saving, contributes to market of industrial goods and earns foreign exchange. Agricultural development is an integral part of overall economic development. In India, agriculture was the main source of national income and occupation

At the time of Independence. Agriculture and allied activities contributed nearly 50 percent to India's national income. Around 72 percent of total working population was engaged in e. These confirm that Indian economy was a backward and agricultural based economy at the time of Independence. After 61 year of Independence, the share of agriculture in total national income declined from 50 percent in 1950 to 18 percent in 2007-08. But even today more than 60 percent of workforce is engaged in agriculture. In spite of this, it is also an important feature of agriculture that is to be noted that growth of other sectors and overall economy depends on the performance of agriculture to a considerable extent. Because of these reasons agriculture continues to be the dominant sector in Indian Economy. Since independence India has made much progress in agriculture. Indian agriculture, which grew at the rate of about 1 percent per annum during the fifty years before

Independence, has grown at the rate of about 2.6 percent per annum in the post-Independence era. Expansion of area was the main source of growth in the period of fifties and sixties after that the contribution of increased land area under agricultural production has declined over time and increase in productivity became the main source of growth in agricultural production. Another important facet of progress in agriculture is its success in eradicating of its dependence on imported food grains. Indian agriculture has progressed not only in output and yield terms but the structural changes have also contributed. All these developments in Indian agriculture are contributed by a series of steps initiated by Indian Government. Land reforms, inauguration of Agricultural Price Commission with objective to ensure remunerative prices to producers, new agricultural strategy1, investment in research and extension services, provision of credit facilities, and improving rural infrastructure are some of these steps.

**DIRECT INSTITUTIONAL CREDIT FOR AGRICULTURE AND ALLIED ACTIVITIES - SHORT-TERM**

| Year | Loans Issued | | | | Loans Outstanding | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Co-operatives | SCBs | RRBs | **Total** | Co-operatives | SCBs | RRBs | **Total** |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 1974-75 | 7.50 | 1.46 | - | **9.74** | 9.04 | 2.46 | - | **11.50** |
| 1975-76 | 8.81 | 2.13 | 0.02 | **11.77** | 10.12 | 3.64 | 0.02 | **13.77** |
| 1976-77 | 10.16 | 2.54 | 0.16 | **13.69** | 12.16 | 4.51 | - | **16.67** |
| 1977-78 | 10.58 | 2.88 | 0.44 | **14.88** | 13.48 | 5.47 | - | **18.94** |
| 1978-79 | 12.07 | 3.65 | 1.01 | **17.92** | 15.40 | 7.59 | - | **22.99** |
| 1979-80 | 12.60 | 4.55 | - | **18.47** | 16.97 | 9.49 | 1.68 | **28.14** |
| 1980-81 | 13.86 | 5.17 | - | **20.47** | 19.08 | 11.62 | - | **32.50** |
| 1981-82 | 17.96 | 6.23 | - | **27.40** | 21.49 | 13.70 | - | **37.92** |
| 1982-83 | 19.08 | 5.65 | 0.98 | **27.59** | 22.25 | 13.51 | 1.09 | **36.85** |
| 1983-84 | 21.58 | 8.72 | 1.20 | **33.35** | 25.54 | 16.38 | 1.47 | **43.39** |
| 1984-85 | 23.23 | 10.35 | 1.32 | **37.31** | 28.36 | 19.64 | 2.06 | **50.06** |
| 1985-86 | 27.47 | 12.52 | 1.76 | **45.29** | 32.37 | 23.55 | 2.65 | **58.58** |
| 1986-87 | 26.20 | 14.82 | 2.01 | **45.12** | 32.93 | 26.19 | 3.24 | **62.36** |
| 1987-88 | 31.20 | 16.72 | 2.46 | **55.16** | 38.71 | 30.71 | 4.00 | **73.42** |
| 1988-89 | 35.94 | 17.65 | 2.50 | **58.84** | 46.68 | 34.14 | 4.79 | **85.61** |
| 1989-90 | 39.74 | 18.98 | 3.36 | **64.99** | 49.48 | 40.05 | 5.75 | **95.27** |
| 1990-91 | 34.48 | 20.48 | 1.25 | **59.79** | 51.78 | 42.35 | 5.90 | **100.02** |
| 1991-92 | 39.34 | 23.41 | 3.37 | **66.11** | 51.10 | 46.31 | 6.79 | **104.19** |
| 1992-93 | 43.94 | 24.32 | 4.51 | **76.65** | 59.00 | 49.88 | 7.99 | **116.87** |
| 1993-94 | 60.39 | 28.60 | 4.76 | **97.52** | 66.40 | 54.25 | 8.87 | **129.52** |
| 1994-95 | 69.96 | 38.42 | 6.88 | **119.32** | 70.91 | 61.54 | 11.15 | **143.61** |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1995-96 | 92.43 | 46.28 | 8.49 | **152.73** | 93.12 | 71.73 | 13.08 | **177.93** |
| 1996-97 | 94.89 | 56.25 | 11.74 | **169.56** | 96.18 | 87.66 | 16.25 | **200.09** |
| 1997-98 | 100.84 | 62.33 | 14.57 | **186.32** | 100.60 | 95.22 | 19.14 | **214.69** |
| 1998-99 | 106.98 | 77.42 | 17.50 | **206.10** | 104.62 | 108.21 | 22.38 | **235.21** |
| 1999-00 | 172.55 | 95.05 | 22.85 | **290.45** | 162.41 | 126.10 | 28.08 | **316.59** |
| 2000-01 | 185.56 | 107.04 | 30.95 | **323.55** | 181.68 | 154.42 | 36.92 | **373.02** |
| 2001-02 | 216.70 | 126.61 | 38.10 | **381.41** | 215.40 | 188.82 | 48.12 | **452.34** |
| 2002-03 | 236.29 | 168.25 | 48.34 | **452.88** | 245.18 | 232.11 | 64.95 | **542.24** |
| 2003-04 | 293.26 | 241.34 | 61.33 | **595.93** | 308.08 | 319.82 | 76.64 | **704.54** |
| 2004-05 | 318.87 | 299.78 | 98.83 | **717.48** | 324.81 | 427.98 | 109.80 | **862.59** |
| 2005-06 | 356.24 | 456.44 | 128.16 | **940.84** | 341.40 | 599.71 | 138.77 | **1079.88** |
| 2006-07 | 407.96 | 652.45 | 170.31 | **1230.72** | 377.64 | 760.06 | 187.07 | **1324.77** |
| 2007-08 | 473.90 | 682.43 | 203.77 | **1360.10** | 436.96 | 961.52 | 227.48 | **1625.96** |
| 2008-09 | 480.22 | 1077.66 | 228.51 | **1786.39** | 456.86 | 1262.85 | 266.52 | **1986.23** |
| 2009-10 | 619.51 | 1246.46 | 305.29 | **2171.26** | 549.70 | 1676.23 | 336.63 | **2562.56** |
| 2010-11 | - | 1460.63 | 385.60 | **-** | - | 1932.62 | 406.63 | **-** |
| 2011-12 | - | 2178.97 | 470.11 | **-** | - | 2690.30 | 465.80 | **-** |

SCBs : Scheduled Commercial Banks RRBs : Regional Rural Banks

**Source :** 1. Report : Reserve Bank of India.
2. Report :National Bank for Agriculture and Rural Development.

**Report on Trend and Progress of Banking in India 2012-13**

Major Financial Indicators of State Co-operative Agriculture and Rural Development Banks - State-wise

Unitary structure Notes: 1. Data for 2012 are provisional.
Source: NABARD.

| Sr. No. | Region/State | Branches | Profit/Loss | | NPA to Loans ratio (per cent) | | Recovery ratio (per cent) | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2012 | 2011 | 2012 | 2011 | 2012 | 2011 | 2012 |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| | Northern region | 85 | 451 | 529 | 19.7 | 21.6 | 58.5 | 60.0 |
| 1 | Haryana @ | -33 | 70 | 158 | 33.7 | 32.3 | 51.0 | 55.7 |
| 2 | Himachal Pradesh | 45 | 11 | 11 | 41.0 | 41.0 | 44.3 | 50.9 |
| 3 | # | - | -27 | -37 | 34.5 | 20.0 | 31.1 | 31.2 |
| 4 | Jammu & Kashmir* | 7 | 193 | 207 | 0.2 | 2.9 | 78.3 | 81.4 |
| 5 | | 33 | 204 | 191 | 23.1 | 29.4 | 52.4 | 48.8 |
| | Punjab @ | 28 | -62 | -51 | 61.3 | 61.3 | 56.8 | 50.7 |
| 6 | Rajasthan @ | 5 | -62 | -50 | 97.8 | 99.6 | 14.0 | 7.1 |
| 7 | North-eastern region | 138 | -0.5 | -0.5 | 45.5 | 45.5 | 69.8 | 71.5 |
| | Assam* | 131 | -2 | -510 | 30.2 | 27.3 | 28.6 | 43.1 |
| 8 | Tripura* | 5 | -5.2 | -503 | 85.3 | 82.8 | 2.0 | - |
| 9 | Eastern region | 2 | - | -14 | 97.4 | 100.0 | 3.6 | 0.4 |
| 10 | Bihar* | 330 | 3.0 | 7 | 18.3 | 16.5 | 60.1 | 60.1 |
| | | - | -390 | -1,940 | 48.3 | 54.4 | 38.8 | 14.9 |
| 11 | Odisha @ | 7 | 2 | 2 | 49.7 | 49.7 | 31.3 | 22.0 |
| 12 | West Bengal | 323 | -545 | -1,293 | 51.7 | 66.2 | 21.1 | 8.4 |
| 13 | # | 181 | 153 | -649 | 47.2 | 51.0 | 50.1 | 17.3 |
| | Central region | 181 | -349 | -348 | 81.8 | 79.7 | 14.7 | 47.3 |
| 14 | Chhattisgarh @ | - | 371 | 373 | 49.5 | 43.6 | 47.2 | 47.3 |
| 15 | Madhya Pradesh | 56 | -720 | -721 | 97.7 | 97.7 | 4.2 | - |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | @ Uttar Pradesh* | 23 | 314 | 151 | 14.7 | 12.6 | 58.0 | 67.8 |
| 16 | Western region | 14 | 109 | -58 | 31.5 | 28.5 | 41.0 | 54.2 |
| 17 | Gujarat* | 1 | 185 | 191 | 4.3 | 3.3 | 95.7 | 94.4 |
| 18 | Maharashtra @ | 18 | -1 | -3 | 4.4 | 4.8 | 95.7 | 95.9 |
| 19 | Southern region | 823 | 21 | 21 | 15.8 | 15.8 | 14.4 | 5.6 |
| | Karnataka @ | | -39 | -2,168 | 32.3 | 33.1 | 40.2 | 41.3 |
| | Kerala @ | | | | | | | |

# Reference:


Websites:

1. www.rbi.org.in
2. www.allbankingsolution.com
3. www.finance.utoronto.ca
4. www.icici.com
5. www.bob.com
6. www.hdfc.com
7. http://theglobaljournals.com/ijsr/file.php?val=NDQ2
8. http://www.gujagro.org/pdf/guidelines.pdf
9. http://www.thehindubusinessline.com/features/a-decade-of-agricultural-evolution/article4365650.ece
10. http://en.wikipedia.org/wiki/Farming_Systems_in_India
11. http://www.yourarticlelibrary.com/agriculture/essay-on-the-development-of-indian-agriculture-2759-words/11459/

## *કાલે સવારે હું નહિ હોઉં ત્યારે...*

*-અસ્મિતા પંડયા*
*ટી.વાય.બી.એ.*

કાલે સવારે હું નહિ હોઉં ત્યારે
શું આવશે કોઈ આ દરિયાકિનારે ?
એ જ વિચારી આજ મ્હાલવું છે આ તટ ઉપરે
કાલે મારી રાહ કોઈ નિહાળે, ના નિહાળે !

રાહ જોતી થાકી નથી આજ મારી આંખડી
વિચારું છું કેવી હસતી લાગે જાણે ગુલાબની પાંખડી
વિશ્વાસ છે મને જોઈ પુકારશે મારી પ્રીતને
કાલે સવારે હું નહિ હોઉં ત્યારે

રાખું છું ઈચ્છા એવી, એક દિ' તો એ આવે
સોગાત તો એ પોતે જ છે વીતેલી ક્ષણની યાદ અપાવે
વસંતની ઋતુમાં પાનખર સતાવે
કોઈ કહે
એ આવે તો થાય કે અત્તર વાવે

યાદ રાખજે તું કાલે
નાખતાં'તાં સાથે સાથે પાણી ક્યારે ક્યારે
આતુર આ મન વિચારે
કાલે સવારે હું નહિ હોઉં ત્યારે ?

બાગમાં પ્રેમ તણાં એ ગીતો ગવાયેલાં
સાંભળવાનું મન થયું
તમને વિરહાગ્નિના રાગમાં

આ જ રીતે પ્રેમથી બોલાવજો મને
કાલે સવારે હું નહિ હોઉં ત્યારે !

# *Publications of teaching faculties*

**-Prof. Jagdish Parmar**
**Economics Dept.**

**DR. GEETA PANDYA**

**PUBLISHED RESEARCH PAPERS:**

| TITLE OF THE PAPER | NAME OF THE JOURNAL | ISSUE OF THE JOURNAL | ISSN OF THE JOURNAL |
|---|---|---|---|
| HUMAN RESOURCE DEVLOPMENT AND EMPLOYMENT PETTERN | THE INDIAN ECONOMICS JOURNAL | DECEMBER - 2012 | 0019-4662 |
| ECONOMICS AND PHILOSOPHY OF AMRTYA SEN | ECONOMIC THOUGHTS OF AMRTYA SEN | 2012 | 978-81-8484-149-7 |
| MERCHANT BANKING IN INDIA | AYUDH - INTERNATIONAL REFEREED JOURNAL | DECEMBER - 2013 | 2321-2160 |
| MADKHAGAT SUVIDHA ANE AARTHIK VIKAS | AYUDH - INTERNATIONAL REFEREED JOURNAL | JANUARY - 2014 | 2321-2160 |

**PUBLISHED BOOKS:**

| TITLE OF THE BOOK | PUBLISHER | MONTH AND YEAR OF PUBLICATION | ISBN, IF ANY |
|---|---|---|---|
| ELEMENTRY ECONOMICS - 1 | POPULAR PRAKASHAN | JUNE 2011 | 978-93-81222-14-0 |
| INDIAN ECONOMY - 1 | POPULAR PRAKASHAN | JUNE 2011 | 978-93-81222-15-7 |
| ENVIORONMENTAL STUDIES | POPULAR PRAKASHAN | DECEMBER 2012 | 978-93-81222-24-9 |
| MICRO ECONOMICS - 1 | POPULAR PRAKASHAN | JUNE 2012 | 978-93-81222-83-6 |
| ECONOMICS SYSTEM | POPULAR PRAKASHAN | DECEMBER 2013 | 978-93-81222-82-9 |

**DR. TRUSHA DESAI**

**PUBLISHED RESEARCH PAPERS:**

| TITLE OF THE PAPER | NAME OF THE JOURNAL | ISSUE OF THE JOURNAL | ISSN OF THE JOURNAL |
|---|---|---|---|
| HOW TO IMPROVE MEMORY - AN EXPERIENCE | AAJ TAK | JULY-SEPT 2012 | 2278-2001 |
| ROLE OF RELIGIOUS VALUES IN LIFE SATISFACTION | AAJ TAK | APRIL-JUNE 2013 | 2278-2001 |

**DR. MAHESH PATEL**

**PUBLISHED RESEARCH PAPERS:**

| TITLE OF THE PAPER | NAME OF THE JOURNAL | ISSUE OF THE JOURNAL | ISSN OF THE JOURNAL |
|---|---|---|---|

**PUBLISHED BOOKS:**

| TITLE OF THE BOOK | PUBLISHER | MONTH AND YEAR OF PUBLICATION | ISBN, IF ANY |
|---|---|---|---|
| MADHYAMVYAYOGA | NIRAV PRAKASHAN | JUNE 2011 | 978-93-81060-97-1 |
| PANCHTANTRA | NIRAV PRAKASHAN | JUNE 2011 | 978-93-81060-68-1 |
| HITOPADESH | NIRAV PRAKASHAN | JANUARY 2013 | 978-93-82514-37-4 |
| DASHKUMARCHARITAM | NIRAV PRAKASHAN | AUGUST 2013 | 978-93-82514-85-5 |
| NEETISHATAKAM | SARSWATI PRAKASHAN | JUNE 2011 | - |
| VIKRAMORVASHIYAM | SARSWATI PRAKASHAN | JUNE 2011 | - |
| RAGHUVANSHAM | SARSWATI PRAKASHAN | JUNE 2012 | - |

**PROF. NISARG AHIR**

**PUBLISHED RESERCH PAPERS:**

| TITLE OF THE PAPER | NAME OF THE JOURNAL | ISSUE OF THE JOURNAL | ISSN OF THE JOURNAL |
|---|---|---|---|
| NINANT SAUNDARYA YATRI SHREE SURENDRA PATEL | SHABDASAR | APRIL 2013 | 2249-2933 |
| KALANE LEELANA STARE AARADHTA SHREE AMIT AMBALAL | SHABDASAR | MAY 2013 | 2249-2933 |
| VYAPTINA SHILPKAR SHREE RATILAL KANSODARIYA | SHABDASAR | JUNE 2013 | 2249-2933 |
| ADBHUTRANGI USHMANA CHITRAKAR SHREE NABIBAKHSH MANSOORI | SHABDASAR | JULY 2013 | 2249-2933 |
| ANANDNU SWAROOP ANE KALANO ANAND | SHABDASAR | AUGUST 2013 | 2249-2933 |
| PARNLAL PATEL:KAL NI GATI NE STHAGIT KARI DENAR KASBI | SHABDASAR | SEPTEMBER 2013 | 2249-2933 |
| RAS: VIBHAVNA ANE VIVIDHA | SHABDASAR | OCTOBER 2013 | 2249-2933 |
| TO JIVANRAS TAKI RAHE CHHE | SHABDASAR | OCTOBER 2013 | 2249-2933 |
| SHREE KRUSHNA ANE SHRUNGAR RAS | SHABDASAR | OCTOBER 2013 | 2249-2933 |
| DRUSHYA-CHETNA NU RASTEERTH: SHREE VRUNDAVAN SOLANKI | SHABDASAR | OCTOBER 2013 | 2249-2933 |
| SUNDARAM ANE SHIVAM NU SAYUJYA: SHIVSANKALP ANE SHIVKRUTI | SHABDASAR | JANUARY 2014 | 2249-2933 |
| SAHITYA NA ANDHARYUG BHANI? | SHABDASAR | FEBRUARY 2014 | 2249-2933 |

| | | | |
|---|---|---|---|
| SRI JAYANTI NAYAK NU KALAKARM:BHAVVILAS NI ROOPNIRMITI | SHABDASAR | FEBRUARY 2014 | 2249-2933 |

**PUBLISHED BOOKS:**

| TITLE OF THE BOOK | PUBLISHER | MONTH AND YEAR OF PUBLICATION | ISBN, IF ANY |
|---|---|---|---|
| KISHORSHINH SOLANKI: SHABD ANE SARJAK | PARSH PAUBLICATION, AHMEDABAD | APRIL 1998 | - |

**DR. PRAVIN RATHVI**

**PUBLISHED RESERCH PAPERS:**

| TITLE OF THE PAPER | NAME OF THE JOURNAL | ISSUE OF THE JOURNAL | ISSN OF THE JOURNAL |
|---|---|---|---|
| GUJARATI KAHEVATOMA PRAGATTI NAREENI VYATHA | SAHITYA-SETU | NOVEMBER - DECEMBER 2012 | 2249-2372 |
| LOKGITOMA RAS-SRUSTI | SHABASAR | OCTOBER - NOVEMBER 2013 | 2249-2933 |

**DR. KINNARI PANCHOLI**

**PUBLISHED RESERCH PAPERS:**

| TITLE OF THE PAPER | NAME OF THE JOURNAL | ISSUE OF THE JOURNAL | ISSN OF THE JOURNAL |
|---|---|---|---|
| DESHINAAM MALA SHIRSHAK KI SARTHAKTA | HAIM PRAPA- A RESEARCH JOURNAL OF THE DEPARTMENT OF SANSKRIT AND NORTH GUJARAT UNIVERSITY | MARCH 2012 | 2250-3064 |
| ASHWAMEDH E J RASTRAMEDH | KCG JOURNAL OF HUMANITIES | JUNE 2012 | 2279-0233 |
| BHARTUHARI NI UPGRAH MIMANSA | KCG JOURNAL OF HUMANITIES | OCTOBER-NOVEMBER 2012 | 2279-0233 |
| SHAD RASH ANE PAAKSHASTRA | SHABDASAR | OCTOBER-NOVEMBER 2013 | 2249-1933 |
| TREEVIKRAMKRUT NALCHAMPU KE MAULIK PARIVARTANO KI SAMIXA | KCG JOURNAL OF HUMANITIES | DECEMBER 2013 | 2279-0233 |
| VYAKRAN SHASTRA MA LING VICHAR | KCG JOURNAL OF HUMANITIES | | 2279-0233 |

**PROF. ANSUYA MEHTA**

**PUBLISHED RESERCH PAPERS:**

| TITLE OF THE PAPER | NAME OF THE JOURNAL | ISSUE OF THE JOURNAL | ISSN OF THE JOURNAL |
|---|---|---|---|
| THE RISING OF FEMINISM IN THE WEST | SAHITYA SETU | NOVEMBER 2012 | 2249-2372 |

**PROF. JAGDISH PARMAR**

**PUBLISHED RESERCH PAPERS:**

| TITLE OF THE PAPER | NAME OF THE JOURNAL | ISSUE OF THE JOURNAL | ISSN OF THE JOURNAL |
|---|---|---|---|
| DETERMINATION OF EXCHANGE RATES | QUEST INTERNATIONAL MULTIDISCIPLINARY RESEARCH JOURNAL | DECEMBER - 2013 | 2278-4497 |
| MICRO FINANCE NEED IN AGRICULTURE AND RURAL DEVALOPMENT | RESEARCH EXPO INTERNATIONAL MULTIDISCIPLINARY RESEARCH JOURNAL | DECEMBER - 2013 | 2250-1630 |
| FOREIGN DIRECT INVESTMENT AND ITS IMPACT | ACME INTERNATIONAL JOURNAL OF MULTIDISCIPLINARY RESEARCH | DECEMBER - 2013 | 2320-236X |
| INFLATION- CAUSES, TYPES AND EFFACTS | GLOBAL ACADEMIC RESEARCH JOURNAL | DECEMBER - 2013 | 2347-3592 |
| MERCHANT BANKING IN INDIA | AYUDH - INTERNATIONAL REFEREED JOURNAL | DECEMBER - 2013 | 2321-2160 |
| MADKHAGAT SUVIDHA ANE AARTHIK VIKAS | AYUDH - INTERNATIONAL REFEREED JOURNAL | JANUARY - 2014 | 2321-2160 |

**PUBLISHED BOOKS:**

| TITLE OF THE BOOK | PUBLISHER | MONTH AND YEAR OF PUBLICATION | ISBN, IF ANY |
|---|---|---|---|
| MICRO FINANCE IN RURAL DEVELOPMENT WITH KISHAN CREDIT CARD | CREATE SPACE INDEPENDENT PUBLISHING PLATFORM, U.S.A. | JULY 16, 2012 | 978-14-92121-83-1 |

## ‘વીતરાગસ્તોત્ર’ના અનુષ્ટુપનું છન્દની દૃષ્ટિએ પરિશીલન

-ડૉ. મહેશ પટેલ
સંસ્કૃત વિભાગ

વૈદિક સાહિત્ય, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, રામાયણ-મહાભારત, પુરાણો અને જૈનસાહિત્ય એવી સાહિત્યશૃંખલાથી સૌ વિદિત છે. જૈનસાહિત્યમાં કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યનું નામ અગ્રિમ સ્થાને છે. તેમના સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના ઘણા બધા ગ્રન્થો પ્રાપ્ત થાય છે. તેમણે ‘સિદ્ધહેમાશબ્દાનુશાસન’ જેવો વ્યાકરણગ્રન્થ; ‘પ્રમાણમીમાંસા’, ‘યોગદર્શન’, ‘અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા’, ‘અયોગવ્યવછેદદ્વાત્રિંશિકા’ જેવા દર્શનશાસ્ત્રના ગ્રન્થો; ‘દ્વયાશ્રયમહાકાવ્ય’, પુરાણકાવ્ય જેવી ‘ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત’ કૃતિ અને ‘મહાદેવસ્તોત્ર’ તેમજ ‘વીતરાગસ્તોત્ર’ જેવાં સ્તોત્રકાવ્યો પણ રચ્યાં છે.

હેમચન્દ્રાચાર્યરચિત ‘વીતરાગસ્તોત્ર’ નામના નાનકડા સ્તોત્રકાવ્યમાં ‘પ્રકાશ’ નામના ૨૦ વિભાગમાં ૧૭૮ જેટલા શ્લોકો જોવા મળે છે. અસાર સંસારની માયામાંથી મનુષ્યનું મન દૂર હટે અને વીતરાગ અથાત્ વૈરાગ્ય તરફ વળે તે વાતને અહીં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. દરેક પ્રકાશમાં ઈશ્વરના અનન્ય ગુણોનું વર્ણન છે ક્યારેક આચાર્યએ વીતરાગને દેવ તરીકે સંબોધીને બૌદ્ધો, નૈયાયિો અને વેદાન્તીઓ પણ તે વીતરાગને અનુકૂળ થવા ભજે છે એમ કહ્યું છે (પ્રકાશ, ૪.૮). અષ્ટાંગયોગ પણ વૈરાગ્યની સામે માત્ર જગત્પ્રપંચ બની જાય છે. આચાર્ય કહે છે કે ચંડકૌશિક જેવા હિંસક વૃત્તિવાળા વ્યક્તિવિશેષોએ પણ છેવટે વૈશ્રાગ્યનો જ આશ્રય લીધો હતો. સોળમા પ્રકાશમાં તો આચાર્ય પોતાને ભવભ્રમણના રાગથી મૂર્છિત આશાવાળા, રાગદ્વેષાદિ કાર્યોથી આસક્ત અને હણાયેલી આશાવાળા કહે છે. આ બધાં દ્વન્દ્વોમાંથી પોતાનો ઉદ્ધાર કરવા તેઓ ઈશ્વરને આજીજી કરે છે. અન્તતોગત્વા, આખાયે વીતરાગસ્તોત્રમાં આચાર્યશ્રીએ વિશ્વનિયંતા વિભુને વૈરાગ્યભાવથી વિલોક્યો છે અને વારંવાર વૈરાગ્યવાંચ્છના કરી છે. એમ પણ કહેવાય છે કે જીવદયા પ્રતિપાલ મહારાજા શ્રી કુમારપાળ પ્રાતઃકાલે આ સ્તોત્રનો પાઠ કરીને જ અન્નપાણી ગ્રહણ કરતા હતા.

વીતરાગસ્તોત્રમાં ‘પ્રકાશ’ નામના કુલ ૨૦ વિભાગ છે. જૈનાચાર્યશ્રી પ્રભાકરસૂરિએ તેમનાં નામ નીચે પ્રમાણે જણાવ્યાં છે[૧] :

| પ્રકાશક્રમ | પ્રકાશનું નામ | શ્લોકસંખ્યા |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૮ |
| ૨ | સહજાતિશયવર્ણન | ૮ |
| ૩ | કર્મક્ષયજાતિશયવર્ણન | ૧૫ |
| ૪ | સુરકૃતાતિશયવર્ણન | ૧૪ |

| | | |
|---|---|---|
| ૫ | પ્રાતિહાર્ય | ૯ |
| ૬ | વિપક્ષનિરાસ | ૧૨ |
| ૭ | જગત્કર્તૃત્વનિરાસ | ૮ |
| ૮ | એકાન્તનિરાસ | ૧૨ |
| ૯ | કલિકાલોપબૃંહણ | ૮ |
| ૧૦ | અદ્ભુત | ૮ |
| ૧૧ | મહિમ | ૮ |
| ૧૨ | વૈરાગ્ય | ૯ |
| ૧૩ | વિરોધહેતુનિરાસ | ૮ |
| ૧૪ | યોગશુદ્ધિ | ૮ |
| ૧૫ | ભક્તિ | ૯ |
| ૧૬ | આત્મગર્હા | ૯ |
| ૧૭ | શરણ | ૮ |
| ૧૮ | કઠોરોક્તિ | ૧૦ |
| ૧૯ | આજ્ઞા | ૮ |
| ૨૦ | આશિષ | ૯ |
| | કુલ - ૧૭૮ | |

રામાયણ, મહાભારત, પુરાણો અને સ્તોત્રસાહિત્ય માટે તે સમયમાં અનુષ્ટુપ છન્દ સર્વસુલભ અને સહજસાધ્ય હતો. આચાર્ય હેમચન્દ્રાચાર્યે વીતરાગસ્તોત્રમાં પણ અનુષ્ટુપ છન્દ પ્રયોજ્યો છે. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો અનુષ્ટુપ છન્દ અક્ષરગણના અને બંધારણની દૃષ્ટિએ વધારે સરળ હતો. જેમકે –

श्लोके षष्ठं गुरुःज्ञेयं सर्वत्र लघु पञ्चमम् ।

द्विचतुःपादयोह्रस्वं सप्तमं दीर्घमन्ययोः ॥[२]

અર્થાત્, અનુષ્ટુપ છન્દના પ્રત્યેક પાદનો પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરુ જાણવો. પહેલા અને ત્રીજા પાદનો સાતમો અક્ષર ગુરુ તેમજ બીજા અને ચોથા પાદનો સાતમો અક્ષર લઘુ જાણવો.

વીતરાગસ્તોત્રના શ્લોકોનું પરિશીલન કરતાં એવું જોવા મળ્યું છે કે તેમાં પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના અનુષ્ટુપ છન્દનું ઉપર્યુક્ત બંધારણ જળવાતું નથી, એટલે કે, અક્ષરસંખ્યા જળવાય છે, પરન્તુ અનુષ્ટુપ છન્દનાં ચારેય પાદનો પાંચમો અક્ષર હ્રસ્વ-લઘુ, પ્રત્યેક પાદનો છઠ્ઠો અક્ષર દીર્ઘ-ગુરુ, પહેલા અને ત્રીજા પાદનો સાતમો અક્ષર દીર્ઘ અન. ભીજા અને ચોથા પાદનો સાતમમો અક્ષર લઘુ હોવો જોઈએ, તે મુજબનું બંધારણ જળવાતું નથી. કેટલાક શ્લોકોમાં પાંચમો

અક્ષર દીર્ઘ જોવા મળે છે અને છઠ્ઠો અક્ષર હ્રસ્વ જોવા મળે છે. પહેલા અને ત્રીજાનો સાતમો અક્ષર પણ ક્યારેક લઘુ જોવા મળે છે.

વિશેષ બાબત તો એ છે કે, આ પ્રકારનું પરિવર્તન કે ભિન્નતા અનુષ્ટુપના માત્ર પ્રથમ અને ત્રીજા પાદમાં જ જોવા મળે છે. ક્યાંય પણ બીજા અને ચોથા પાદમાં પાંચમો અક્ષર દીર્ઘ (ગુરુ) નથી કે છઠ્ઠો અક્ષર હ્રસ્વ (લઘુ) જોવા મળતો નથી. આ બાબત વીતરાગસ્તોત્રના કેટલાક શ્લોકો તપાસીને જોઈએ :

પ્રકાશ-૧, પ્રસ્તાવના :

(૧) यः परात्म परं ज्योतिः परमःपरमेष्ठिनाम् ।

आदित्यवर्णः तमसः परस्तादामनन्ति यम् ॥ १.१.[3]

અર્થાત્, જે પરમાત્મા પરમ જ્યોતિમય છે, પરમેષ્ટિમાં પ્રધાન છે, જે સૂર્ય સમાન તેજસ્વી અને અજ્ઞાનની પેલે પાર ગયેલા છે એમ પંડિતજનો માને છે.

વીતરાગસ્તોત્રના આ પ્રથમ પ્રકાશના પ્રથમ શ્લોકના ત્રીજા પાદમાં પાંચમો અક્ષર હ્રસ્વ (લઘુ)ને બદલે દીર્ઘ (ગુરુ) છે, જ્યારે છઠ્ઠો અને સાતમો અક્ષર દીર્ઘ (ગુરુ) હોવાને બદલે હ્રસ્વ (લઘુ) છે. અનુષ્ટુપની આ પ્રકારની ભિન્નતા માત્ર ત્રીજા પાદમાં જ જોવા મળે છે. અન્ય પાદમાં અનુષ્ટુપનું બંધારણ બરાબર જળવાયેલું જોવા મળે છે.

પ્રકાશ-૨, અતિશયવર્ણનરૂપ :

(૨) प्रयंगुस्फटिकस्वर्णपद्मारागान् जनप्रभः ।

प्रभो तवाधौतशुचिः कायः कमिव नाक्षिपेत् ॥ २.१

અર્થાત્, હે પ્રભુ હ પ્રિયંગુવત્ (નીલ), સ્ફટિકવત્ (ઉજ્જ્વલ), સ્વર્ણવત્ (પીત), પદ્મરાગવત્ (રક્ત) અને અંજનવત્ (શ્યામ) વર્ણની કાન્તિ સમાન અને ધોયા વિના જ સદા પવિત્ર એવો આપનો દે (દેવ-મનુષ્યાદિ) કોને આશ્ચર્ય પમાડતો નથી ?

આ શ્લોકના ત્રીજા પાદમાં પાંચમો અક્ષર દીર્ઘ-ગુરુ છે, જ્યારે છઠ્ઠો અને સાતમો અક્ષર હ્રસ્વ-લઘુ છે. અન્ય ત્રણ પાદમાં અનુષ્ટુપનું બંધારણ જળવાયેલ છે.

(૩) न केवलं रागमुक्तं वीतराग मनस्तव ।

वपुःस्थितं रक्तमपि क्षीरधारा सहोदरम् ॥ २.५

અર્થાત્, હે વીતરાગ ! તમારું મન કેવળ રાગરહિત થયેલું છે એવું નથી. તમારા શરીરમાં રહેલું રક્ત દૂધની ધારા જેવું સફેદ બન્યું છે (અર્થાત્, આપના રુધિરમાંથી સ્વાભાવિક રાગ-રતાશવાળો રંગ દૂર થયો છે.)

આ શ્લોકના પ્રથમ પાદનો પાંચમો અક્ષર દીર્ઘ-ગુરુ છે, જ્યારે છઠ્ઠો અક્ષર હ્રસ્વ-લઘુ છે. ત્રીજા પાદમાં પણ પાંચમો અક્ષર ગુરુ છે અને છઠ્ઠો તથા સાતમો અક્ષર લધુ છે. અન્ય પાદમાં અનુષ્ટુપનું બંધારણ જળવાય છે.

પ્રકાશ-૩, કર્મક્ષયજાતિશયવર્ણન :

(૪) तेषामेव स्वस्वभाषापरिणाममनोहरम् ।

अप्येकरूपं वचनं यत्ते धर्मावबोधकृत् ॥ ३.३

અર્થાત્, આપનું એકસરખું વચન (ઉપદેશ) દેવ-મનુષ્ય અને તિર્યંચો વગેરેની ભાષામાં સુખેથી સમજી શકાય એવું છે તેમજ ધર્મસમ્બન્ધી બોધ કરાવનારું છે.

આ શ્લોકના પ્રથમ પાદનો પાંચમો અક્ષર દીર્ઘ-ગુરુ છે, જ્યારે છઠ્ઠો અક્ષર હ્રસ્વ-લઘુ છે. ત્રીજા પાદમાં પણ પાંચમો અક્ષર ગુરુ છે અને છઠ્ઠો તથા સાતમો અક્ષર લધુ છે. બાકીનાં બે પાદમાં અનુષ્ટુપનું બંધારણ જળવાય છે.

(૫) साग्रेऽपि योजनशते पूर्वोत्पन्ना गदाम्बिदाः ।

यदञ्जसा विलीयन्ते त्वद्विहारानिलोर्मिभिः ॥ ३.४

અર્થાત્, આપની વિહારરૂપી પવનલહરીઓથી સો યોજન પૂર્વે ઉત્પન્ન થયેલા રોગરૂપી વાદળાંઓ તત્કાલ અદશ્ય થઈ જાય છે.

આ શ્લોકના પ્રથમ પાદનો પાંચમો અક્ષર દીર્ઘ-ગુરુ છે, જ્યારે છઠ્ઠો અને સાતમો અક્ષર લઘુ છે. બાકીનાં પાદમાં અનુષ્ટુપનું બંધારણ જળવાય છે.

(૬) स्त्रीक्षेत्रपद्रादिभवो यद्वैराग्निः प्रशाम्यति ।

तत्कृपापुष्करावर्तवर्षादिव भुवस्तले ॥ ३.६

અર્થાત્, પુષ્કરાવર્ત મેઘની વૃષ્ટિ આપની કૃપારૂપ હોય તેમ, આપ જ્યાં પગ મૂકો છો ત્યાં સ્ત્રીનગર અને સીમાડા વગેરેથી ઉત્પન્ન થયેલો વિરોધરૂપી અગ્નિ શમી જાય છે.

આ શ્લોકના પ્રથમ પાદનો પાંચમો અક્ષર દીર્ઘ-ગુરુ છે, જ્યારે છઠ્ઠો અને સાતમો અક્ષર લઘુ છે. બાકીનાં પાદમાં અનુષ્ટુપનું બંધારણ જળવાય છે.

(૭) स एष योगसाम्राज्यमहिमा विश्वविश्रुतः ।

कर्म्मक्षयोत्थो भगवान् कस्य नाश्चर्यकारणम् ॥ ३.१२

અર્થાત્, હે ભગવાન ! કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા, તે આ લોકપ્રસિદ્ધ યોગના સામ્રાજ્યનો મહિમા કોને આશ્ચર્ય પમાડતો નથી ?

આ શ્લોકના ત્રીજા પાદનો પાંચમો અક્ષર દીર્ઘ-ગુરુ છે, તેમજ છઠ્ઠો અને સાતમો અક્ષર ક્રમશઃ ગુરુ છે. અન્ય પાદમાં અનુષ્ટુપનું બંધારણ જળવાય છે.

(૮) अनन्तकालप्रचितमनन्तमपि सर्वथा ।

त्वत्तो नान्यः कर्म्मकक्षमुन्मूलयति मूलतः ॥ ३.१३

અર્થાત્, અનન્ત કાળથી ઉપાર્જન કરેલું અને અનન્ત એવું કર્મવન (કર્મબંધનરૂપી સંસારવન) તમારા સિવાય અન્ય કોઈ મૂળથી ઉખેડી શકતો નથી.

ઉપર્યુક્ત શ્લોકના ત્રીજા પાદનો પાંચમો અક્ષર દીર્ઘ-ગુરુ છે, તેમજ છઠ્ઠો અક્ષર લઘુ છે, જ્યારે સાતમો અક્ષર ક્રમશઃ ગુરુ છે. અન્ય પાદમાં અનુષ્ટુપનું બંધારણ જળવાય છે.

(૯) एकोऽयमेव जगति स्वामित्याख्यातुमुच्छ्रिता ।

उच्चैरिन्द्रध्वजव्याजात्तर्जनी जम्भविद्विषा ॥ ४.२

અર્થાત્, જગતમાં આ (વીતરાગ) જ એક સ્વામી છે એમ જણાવવા ઈચ્છતા ઈન્દ્રએ ઈન્દ્રધ્વજના બહાને પોતાની તર્જની આંગળી ઊંચી કરી હોય એમ જણાય છે.

ઉપર્યુક્ત શ્લોકના પ્રથમ પાદનો પાંચમો અક્ષર દીર્ઘ-ગુરુ છે, જ્યારે છઠ્ઠો અક્ષર હ્રસ્વ-લઘુ છે, જે ખરેખર ગુરુ હોવા જોઈએ. અન્ય પાદમાં અનુષ્ટુપનું બંધારણ જળવાય છે.

(૧૦) अधोमुखाः कण्टकाः स्युर्धात्र्यां विहरतस्तव ।

भवेयं संमुखीनाः किं तामसास्तिग्मरोचिषः ॥ ४.६

અર્થાત્, આ ધરતી ઉપર આપ વિચરો છો ત્યાં કંટક પણ ઊંધા મુખવાળા બની જાય છે. સૂર્ય ઉદય પામે ત્યારે ઘુવડ અથવા અંધકાર શું કરી શકે ?

ઉપર્યુક્ત શ્લોકના પ્રથમ પાદનો પાંચમો અક્ષર દીર્ઘ-ગુરુ છે, તેમજ છઠ્ઠો અક્ષર લઘુ છે, જ્યારે સાતમો અક્ષર ક્રમશઃ ગુરુ છે. અન્ય પાદમાં અનુષ્ટુપનું બંધારણ જળવાય છે.

(૧૧) केशरोमनखश्मश्रु तवावस्थितमित्ययम् ।

बाह्योऽपि योगमहिमा नाप्तस्तीर्थंकरैः परैः ॥ ४.७

અર્થાત્, કેશ, રોમ, નખ અને દાઢીમૂછ દીક્ષા પ્રસંગે હોય તેવાં જ રહે છે. વૃદ્ધિ ન થાય તેવો બાહ્ય યોગમહિમા અન્યોએ પ્રાપ્ત કર્યો નથી (ત્યારે અંતરંગ યોગની વાત તો દૂર જ રહી).

ઉપર્યુક્ત શ્લોકના ત્રીજા પાદનો પાંચમો, છઠ્ઠો અને સાતમો એમ ત્રણેય અક્ષર લઘુ છે, પરંતુ છઠ્ઠો અને સાતમો અક્ષર લઘુ ન હોવા જોઈએ. અન્ય પાદમાં અનુષ્ટુપનું બંધારણ જળવાય છે.

(૧૨) पञ्चेन्द्रियाणां दौःशील्यं क्व भवेद्भवदन्तिके ।

एकेन्द्रियोऽपि यन्मुञ्चत्यनिलः प्रतिकुलताम् ॥ ४.१२

અર્થાત્, પાંચ ઈન્દ્રિયોનું (વિષયાદિમાં ભ્રમણનું) દુષ્ટપણું આપની પાસે ક્યાંથી રહે ? કેમકે, એકેન્દ્રિય એવો પવન પણ પ્રતિકૂળતાને ત્યજી દે છે. (અર્થાત્, પવન આપના માટે સુખાકારી બને છે.)

(૧૩) मूर्ध्ना नमन्ति तरवस्त्वन् माहात्म्यचमत्कृताः ।

तत्कृतार्थं शिरस्तेषां व्यर्थं मिथ्यादृशां पुनः ॥ ४.१३

અથાત, હે પ્રભુ ! તરુઓ પણ આપના માહાત્મ્યથી ચમત્કાર પામીને મસ્તકથી નમે છે. તેથી મસ્તક કૃતાર્થ થયાં છે, જ્યારે મિથ્યા દષ્ટિવાળાઓને મસ્તકો વ્યર્થ છે.

અહીં પાંચમો અક્ષર લઘુ છે, પરંતુ છઠ્ઠો અને સાતમો અક્ષર પણ લઘુ છે, જે ગુરુ હોવો જોઈએ.

(૧૪) जघन्यतः कोटिसंख्यास्तां सेवन्ते सुरासुराः ।

भाग्यसंभारलभ्येऽर्थे न मन्दा अप्युदासते ॥

અર્થાત્, હે પ્રભુ ! જઘન્યથી (પણ ) આપને એક કરોડ દેવો અને અસુરો સેવે છે. કેમકે, પુણ્યના સમૂહથી પામી શકાય તેવા પદાર્થોમાં મંદ પ્રાણીઓ પણ ઉદાસીન રહેતાં નથી (તો પછી દેવો કેવી રીતે આળસુ બને ?)

આ શ્લોકના પ્રથમ પાદમાં પાંચમો અક્ષર ગુરુ છે અને છઠ્ઠો અક્ષર લઘુ છે. સાતમો અક્ષર ગુરુ છે અન્ય ત્રણ પાદમાં અનુષ્ટુપ જળવાય છે.

પ્રકાશ-૫, પ્રાતિહાર્ય :

આ પ્રકાશના પ્રથમ, બીજા અને ચોથા શ્લોકમાં એકસરખી રીતે અનુક્રમે પાંચમો, છઠ્ઠો અને સાતમો અક્ષર લઘુ જોવા મળે છે. અહીં પાંચમો અક્ષર લઘુ હોવો જોઈએ, પરંતુ છઠ્ઠો અને સાતમો અક્ષર ગુરુ હોવો જોઈએ. જેમકે –

(૧૫) गायन्निवालिविरुतैर्नृत्यन्निव चलैर्दलैः ।

त्वद्गुणैरिव रक्तोऽसौ मोदतेऽशोकपादपः ॥ ५.१

(૧૬) आयोजनं सुमनसोऽधस्तान्निक्षिप्तबन्धना ।

जानुदघ्नी सुमनसो देशनोर्व्यां किरंति ते ॥ ५.२

(૧૭) तवेन्दुधामधवला चकास्ति चमरावलि ।

व्सालिरिव वक्राब्जपरिचर्यापरायणा ॥ ५.४

પ્રકાશ-૬, વિપક્ષનિરાસ :

આ પ્રકાશના પ્રથમ શ્લોકનો પાંચમો અક્ષર લઘુ છે, પરંતુ છઠ્ઠો અને સાતમો અક્ષર ગુરુ હોવો જોઈએ, જે લઘુ છે.

(१८) लावण्यपुण्यवपुषि त्वयि नेत्रामृतांजने ।

माध्यस्थ्यमपि दौःस्थ्याय किम्पुनर्द्वेषविप्सवः ॥ ६.१

અહીં નવમા અને બારમા શ્લોકમાં ત્રીજા પાદનો પાંચમો અક્ષર ગુરુ છે, જે લઘુ હોવો જોઈએ.

(१९) खपुष्पप्रायमुत्प्रेक्ष्य किञ्चिन्मानं प्रकलप्य च ।

सम्मान्ति गेहे देहे वा न गेहेनर्द्दिनः परे ॥ ६.९

(२०) तिष्ठद्वायुर्द्रवेदद्रिर्ज्वलेज्जलमपि क्वचित् ।

तथापि ग्रस्तो रागाद्यैर्नाप्तो भवितुमर्हति ॥ ६.१

આ પ્રકારે લગભગ દરેક પ્રકાશના ઘણા બધા શ્લોકમાં આવો અનુષ્ટુપ જોવા મળે છે. જેમકે –

પ્રકાશ ૯માં શ્લોકસંખ્યા ૫,૬,૯

પ્રકાશ ૧૦માં શ્લોકસંખ્યા ૧,૨,૩,૪,૬

પ્રકાશ ૧૧માં શ્લોકસંખ્યા ૧,૭,૮

પ્રકાશ ૧૨માં શ્લોકસંખ્યા ૧,૩,૫,૮,૮

પ્રકાશ ૧૩માં શ્લોકસંખ્યા ૨,૩,૭,૮

પ્રકાશ ૧૪માં શ્લોકસંખ્યા ૧,૨,૫,૭

પ્રકાશ ૧૫માં શ્લોકસંખ્યા ૫,૬,૭

પ્રકાશ ૧૬માં શ્લોકસંખ્યા ૬,૮

પ્રકાશ ૧૭માં શ્લોકસંખ્યા ૪,૫,૮

પ્રકાશ ૧૮માં શ્લોકસંખ્યા ૪,૮,૯,૧૦

પ્રકાશ ૧૯માં શ્લોકસંખ્યા ૨,૭

પ્રકાશ ૨૦માં શ્લોકસંખ્યા ૯

વીતરાગસ્તોત્રમાં જોવા મળતા આ પ્રકારના અનુષ્ટુપ છનઢદથી નીચે જેવી બાબતો પ્રતીત થાય છે. જેમકે –

(૧) વૈદિક કાળ પછી રામાયણ-મહાભારત વગેરેમાં અતિપ્રસિદ્ધ બનેલા અને સહજસાધ્ય અનુષ્ટુપ છન્દની માત્ર હ્રસ્વ-દીર્ઘની બાબતને વળગી રહ્યા વિના માત્ર અક્ષરસંખ્યાને જાળવવાનો પ્રયત્ન કરવામાં આવતો હશે.

(૨) અનુષ્ટુપ છન્દનું જે બંધારણ આદિકવિ વાલ્મીકિએ આપ્યું હતું તે પછીના સમયમાં સર્વગ્રાહ્ય રહ્યું ન હતું તેમાં કાલિદાસ (रघुवंशम् – तदन्वये शुद्धिमतिः प्रसूतःशुद्धित्तरः । सर्गः १.१२) અને માઘે પણ છૂટછાટ લીધેલી જોઈ શકાય છે.

(૩) અનુષ્ટુપરચનાની તત્કાલીન નૂતન શૈલી કે પ્રકાર પણ હોઈ શે, જેમાં ફક્ત પ્રથમ અને ત્રીજા પાદમાં હ્રસ્વ-દીર્ઘની છૂછાટ લેવામાં આવી હશે. કારણ કે, તત્કાલીન દ્વયાશ્રયમહાકાવ્યમાં પણ આ પ્રકારનો અનુષ્ટુપ જોવા મળે છે.

(૪) રામાયણમાં વાલ્મીકિએ કહેલો અનુષ્ટુપ છન્દ કાલાન્તરે રચાયેલા આવા ધાર્મિક અને સામ્પ્રદાયિક ગ્રન્થોમાં નૂતન પ્રકારે વિશેષ માત્રામાં જોવા મળે છે.

(૫) કુલ ૨૦ પ્રકાશ (નામના) આ સ્તોત્રકાવ્યમાં અનુષ્ટુપના માત્ર પ્રથમ અને ત્રીજા પાદમાં જ પરિવર્તન કે ભિન્નતા જોવા મળે છે. ક્યાંય પણ બીજા અને ચોથા પાદમાં શિથિલતા જોવા મળતી નથી. આ બાબત વીતરાગસ્તોત્ર સિવાયના ગ્રન્થોમાં પણ તપાસવી જોઈએ.

પાદટીપ :

૧. वीतरागस्तोत्रम्, लेखकः कलिकालसर्वज्ञः हेमचन्द्राचार्यः (विवरण श्री प्रभानन्दसूरिः) प्रकाशकः निर्णयसागर मुद्रणालयम्, मुम्बई, सन् १९११

૨. સંસ્કૃત છન્દરચના, સંપાદક ડૉ. વસન્તકુમાર ભટ્ટ, પ્રકાશક, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, સન્, ૧૯૯૭, પૃ.૧૭

૩. वीतरागस्तोत्रम्, लेखकः कलिकालसर्वज्ञः हेमचन्द्राचार्यः (विवरण श्री प्रभानन्दसूरिः) प्रकाशकः निर्णयसागर मुद्रणालयम्, मुम्बई, सन् १९११ (બધા જ શ્લોકો આ પુસ્તકમાંથી લીધેલા છે.)

## *અશ્વમેધ એ જ રાષ્ટ્રમેધ*

*-ડૉ. કિન્નરી પંચોલી*
*સંસ્કૃત વિભાગ*

ભારતીય ઈતિહાસ અનુસાર યાજ્ઞિક કર્મકાણ્ડનો પ્રાદૂર્ભાવ કૃતયુગ તથા ત્રેતાયુગના સન્ધિકાળે થયો.[1] તે કથનને મહાભારત તથા વાયુપુરાણનાં[2] સમર્થનો પ્રાપ્ત થાય છે. કાલાન્તરે યજ્ઞોનું પ્રાધાન્ય વધવાથી વેદમંત્રોનો વિનિયોગ માત્ર યજ્ઞોમાં જ થવા માંડયો. જેમ જેમ યજ્ઞોની પ્રધાનતા વધતી ગઈ તેમ તેમ વેદનો આધ્યાત્મિક તથા આધિદૈવિક પ્રક્રિયાનુસારી અર્થ ગૌણ થતો ગયો અને યાજ્ઞિક પ્રક્રિયાનુસારી અર્થની પ્રધાનતા થતી રહી. ધીરે ધીરે ‘वेदा यज्ञार्थं प्रवृताः’ – વેદનું પ્રયોજન યજ્ઞ છે એવી ધારણા બલવત્તર થતી ગઈ. એક મંત્ર ‘यतेन वाचं पदवीयमायन्’ (૧૦.૭૧.૩)ના આધાર પર તો ત્યાં સુધી મનાવા માંડ્યું કે સમસ્ત વેદવાણી યજ્ઞમાં જ ઉપરત થાય છે. એ જ રીતે સાયણાચાર્યે પણ વેદોના અગ્નિહોત્રાદિ કર્મકાણ્ડપરક અર્થ માનીને આધિયાજ્ઞિક અર્થમાં તેનું અર્થઘટન કર્યું. પ્રાચીન કાળમાં આધિદૈવિક પ્રક્રિયા અનુસાર વેદના જે વૈજ્ઞાનિક અર્થો કરવામાં આવતા ને લુપ્ત થતા ગયા. પરિણામે અતિઉત્કૃષ્ટ સિદ્ધાંતોના પ્રતિપાદક મંત્રો માત્ર સ્તુતિવચન બનીને રહી ગયા. આધિદૈવિક પ્રક્રિયાનુસારી વેદાર્થને સમજવા માટેનું સાધન યાસ્કીય નિરુક્ત જ રહ્યું. હા, કેટલેક અંશે બ્રાહ્મણગ્રંથો અને શતપથ બ્રાહ્મણમાંથી કંઈક અંશે સહાયતા મળે એમ રહી.

પરંતુ વેદનું પ્રયોજન કેવલ યજ્ઞો સંપાદિત કરવા હોય તે હોય તો વેદના સર્વવિદ્યામૂલ હોવાપણાનું શું ? સર્ગના આદિકાલમાં પ્રાદુર્ભૂત વેદ તો મનુષ્યને માટે અપેક્ષિત સંપૂર્ણ જ્ઞાનનો ભંડાર છે. તેમાં લોકોપયોગી સમસ્ત વિદ્યાઓ, આધિદૈવિક તથા આધિભૌતિક પદાર્થોના વિજ્ઞાન તથા આધ્યાત્મિક તત્ત્વોનું વિસ્તૃત વિવેચન છે. વેદ વિષયક આ સર્વ સમ્મત સિદ્ધાંતની રક્ષા માટે વેદમંત્રોની અનેકાર્થપ્રતિપાદક શક્તિ માનવી પડે તેમ છે. આચાર્ય ભર્તૃહરિ મહાભાષ્યપ્રદીપિકામાં વેદમંત્રોના વિવિધ પ્રક્રિયાગમ્ય અર્થના વિષયમાં કહે છે – ‘इदं विष्णुर्विचक्रमे (ऋ. १.२२.१७) इत्यत्र एक एव विष्णुशब्दो नेकशक्तिः सन् अधिदैवतमध्यात्मधियज्ञं चात्मनि नारायणे चषाले च तया शक्त्या प्रवर्तते’ (महाभाष्यप्रदीपिका, पृ.२६८)

અર્થાત્, ‘इदं विष्णुर्विचक्रम’ મંત્રમાં એક વિષ્ણુ શબ્દ જ અનેક શક્તિવાળો હોવાથી અધિદૈવત, અધ્યાત્મ તથા અધિયજ્ઞમાં ક્રમશઃ આત્મા (સૂર્ય), નારાયણ અને ચષાલ[3] અર્થાત્ યજ્ઞના પશુ બાંધવાના ખીલાના મધ્ય ભાગમાં જડવાયોગ્ય લોઢાની કે લાકડાની કુંડવી વગેરે અર્થમાં સ્વશક્તિથી પ્રવૃત્ત થાય છે.

યજુર્વેદના આરંભે અધ્યાય ૧ના મંત્ર ૧માં કહેવાયું છે – ‘देवो वः सविता प्रार्पयतु श्रेष्टतमाय कर्मणे’ સમગ્ર જગતની ઉત્પત્તિ કરવાવાળા પરમાત્મા તમને બધાને શ્રેષ્ઠતમ કર્મમાં પ્રવૃત્ત કરે. આ શ્રેષ્ઠતમ કર્મ કયું ?શતપથ બ્રાહ્મણમાં જણાવાયું છે – ‘यज्ञो वै श्रेष्ठतमं कर्म’ (૨.૬.૪૫). અહીં એમ સમજવાનું છે કે જેટલાં ઉત્તમ કર્મો છે તેની સંજ્ઞા યજ્ઞ છે. તેથી જ અગ્નિહોત્રથી શરૂ કરીને અશ્વમેધ સુધીના આર્યોના સંપૂર્ણ ક્રિયાકલાપ ‘યજ્ઞ’માં સમાવિષ્ટ છે. આવા સર્વહિતકારી કૃત્યમાં હિંસાની કલ્પના કઈ રીતે કરી શકાય ? છતાં પણ એ સામાન્ય ધારણા છે કે જે પ્રાચીન કાળમાં યજ્ઞોના પરુબલિ ચડાવાતી આ ભ્રાન્તિનું મુખ્ય કારણ વેદોના વાસ્તવિક અર્થને ન સમજવા તે છે.

યજ્ઞના પર્યાય અને ક્યાંક ક્યાંક વિશેષણસ્વરૂપ ચાર વેદોમાં 'अध्वर'[४] શબ્દનો પ્રયોગ હજારો વાર છે. નિઘણ્ટુપઠિત 'ध्वृ' ધાતુ હિંસાર્થક છે. 'अध्वर'માં 'अ' નિષેધાર્થક છે. આ રીતે, નગ્નપૂર્વકના 'ध्वृ' ધાતુને 'घञ्' પ્રત્યય લાગીને 'अध्वर' શબ્દ નિષ્પન્ન થયો છે. નિરુક્તાનુસાર યજ્ઞનું નામ 'अध्वर' છે, જેનો અર્થ હિંસારહિત કર્મ છે. યજ્ઞમાં ચાર ઋત્વિજોમાં એક 'અધ્વર્યુ' હોય છે. તેની નિયુક્તિ એટલા માટે કરવામાં આવે છે કે તે યજ્ઞમાં કાયિક, વાચિક અથવા માનસિક કોઈ પણ પ્રકારની હિંસા ન થવા દે – 'अध्वर्युः अहिंसं यज्ञमिच्छुः' વિશેષતઃ યજ્ઞપરક માનવામાં આવતા યજુર્વેદના પ્રથમ મંત્રમાં જ 'पशून् पाहि' નો નિર્દેશ મળે છે. તો પછી કોઈ પણ પ્રકારના યજ્ઞમાં હિંસાની કલ્પના જ કેવી રીતે થઈ શકે ?

મુખ્યત્વે યજ્ઞના પર્યાય એવા મેધ શબ્દને अश्वमेध, गोमेध, नरमेध વગેરેમાં પ્રયુક્ત થતો જોઈ વૈદિક યજ્ઞોમાં હિંસાના વિધાનનો ભ્રમ થાય છે. વસ્તુતઃ વેદમાં अश्वमेध સિવાય કોઈ બીજો શબ્દ મળતો નથી. ધાતુપાઠ અનુસાર મેધૃ ધાતુના संगमे,हिंसायां च – શુદ્ધ બુદ્ધિને વધારવી તથા લોકોમાં એકતા અથવા પ્રેમની વધારવો અને હિંસા એ ત્રણ અર્થ છે. પરંતુ, જે સમાજમાં અહિંસાનો ભાવ સર્વત્ર ઓતપ્રોત હોય ત્યાં માત્ર હિંસાપરક અર્થ માનીને નિર્દોષ પશુઓની હત્યાના વિધાનની કલ્પના કરવી સર્વથા અસંગત છે.

શતપથ બ્રાહ્મણમાં 'અશ્વમેધ'નું નિર્વચન કરતાં જણાવાયું છે કે राष्टरं मे अश्वमेधः રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસ માટેના યોજનાબદ્ધ પ્રયાસને અશ્વમેધ કહે છે. વેદમાં પ્રત્યેક મંત્રના દેવતા તથા પ્રતિપાદ્ય વિષય હોય છે.[૫] તે અનુસાર (अश्वमेधसम्बन्धी 'गणनान्त्वा गणपति हवामहे') વગેરે મંત્રોમાં મંત્રસંખ્યા ૨૦, ૨૨, ૨૩ રીજપરત્રેદૈવત' છે. મંત્રસંખ્યા ૩૦ અને ૩૧ના દેવતા ક્રમશઃ 'રાજા' અને 'ન્યાયાધીશ' છે. મંત્રસંખ્યા ૧૮થી ૨૮ તથા મંત્ર ૧૯માં મંત્રના દેવતા ક્રમશઃ 'પ્રજાપતિ' તથા 'ગણપતિ' છે. મંત્રસંખ્યા ૨૬ના દેવતા 'શ્રીઃ', ૨૯ના વિદ્વાસઃ અને ૨૪ના ભૂમિસૂર્યો છે. કેટલાક મંત્રોના દેવતા રાજા, પ્રજા, સભાસદો, સ્ત્રીઓ વગેરે છે. આ નિર્દિષ્ટ દેવતાઓના આધારે એમ કહી શકાય કે આ બધા મંત્રો રાજનીતિપરક છે. અશ્વમેધના સંદર્ભમાં આ મંત્રોનો વિનિયોગ થયો છે. આ રીતે, આ મંત્રોમાં જે કંઈ કહેવામાં આવ્યું છે તેનો સંબંધ દેશની શાસનવ્યવસ્થા સાથે છે. ત્યાં 'ગણપતિ' પદ રાષ્ટ્રપતિનો પર્યાય છે. આમ પણ ગણતંત્ર અથવા ગણરાજ્યના સર્વોચ્ચ શાસકને રાષ્ટ્રપતિની જગ્યાએ 'ગણપતિ' નામ આપવું સાર્થક પણ છે. વસ્તુતઃ પ્રસંગોપાત્ત આ गणानन्त्वा મંત્રમાં રાષ્ટ્રપતિમાં અપેક્ષિત ગુણો અને ક્ષમતાનો ઉલ્લેખ થયો છે.[૬]

ભગવાન મનુએ અશ્વમેધ યજ્ઞને બધા યજ્ઞોમાં શ્રેષ્ઠ અને પાપોને દૂર કરવાવાળો કહ્યો છે.[૭] મહર્ષિ દયાનન્દે ઋગ્વેદાદિભાષ્યભૂમિકા અંતર્ગત 'રાજપ્રજાધર્મવિષય'માં લખ્યું છે – 'राष्ट्रपातीनमेव क्षत्रियाणामश्वमेधाख्यो यज्ञो भवति' અર્થાત્ જે ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરે છે તે જ ક્ષત્રિયોનો 'अश्वमेध' કહેવાય છે.

राष्ट्रं वा अश्वमेधः (शतपथ१३.१.६३) राष्ट्रं वा अश्वः રાષ્ટ્રને અશ્વ કહે છે. 'एध् वृद्धौ – राष्ट्रं अधते इति राष्ट्रमेधः' જેમાં રાષ્ટ્ર વધે, તેનો વિકાસ થાય, સમુચિત પાલન અને સંરક્ષણ થાય તે જ રાષ્ટ્રમેધ છે. 'राजप्रजेदैवत' મંત્રોમાં પ્રજાની સુખસમૃદ્ધિ માટે રાજા અને પ્રજા બંનેનાં કર્તવ્યોનો નિર્દેશ છે. લોકતંત્ર અથવા ગણતંત્રમાં રાજા અને પ્રજા બંનેના પરસ્પર સહયોગથી જ શાસનવ્યવસ્થા ચાલી શકે છે. અન્યત્ર આ મંત્રોમાં કહેવામાં આવ્યું છે :

૧. પ્રજામાં અનેક મનુષ્યો એવા હોય છે જે સમજાવટથી નથી માનતા. એવા લોકોની સંજ્ઞા પશુ છે. કદાચ તે જ લક્ષ્યમાં રાખી ભગવાન મનુએ કહ્યું છે : 'दण्डः शास्ति प्रजाः सर्वाः ।'

૨. જો રાજા ન્યાયથી પ્રજાની રક્ષા ન કરે તો જેમ જેમ પ્રજા નષ્ટ થાય છે તેવી રીતે રાજા પણ નાશ પામે છે. જો વિદ્યા અને વિનયથી પ્રજાની રક્ષા કરે છે તો રાજા અને પ્રજા બધાં સુખ પામે છે.

૩. રાજા ક્યારેય ખોટી પ્રતિજ્ઞા ન કરે, ન કોઈને ઠગે. જો રાજા અન્યાય કરે તો એ સ્વયં પ્રજા વડે ઠગી લેવાય છે.

૪. ઔષધિ, વનસ્પતિ તથા અનેક પદાર્થોને ઉત્પન્ન કરવાવાળી પૃથિવી માતા સમાન છે. જે શરીરનું પોષણ કરે છે આ કાર્યમાં સૂર્ય તેનો સહાયક છે, જે પિતૃસ્થાને છે. આત્માની ઉન્નતિ વિદ્યાથી થાય છે.

૫. જેવી રીતે ખેતી કરનારા લોકો ફોતરાં વગેરેને અન્નથી અલગ કરીને અન્નને આરોગીને વધે છે તેવી જ રીતે સત્ય-ન્યાયથી સત્યાસત્યને અલગ કરી વ્યવહાર કરવો.

આમ, અશ્વમેધ શબ્દ વેદમાં ક્યાંય પણ પશુહિંસાનો વાચક બનતો નથી, પરંતુ મહાભારતમાં એક નિર્ણાયક ઘોષણા છે – 'धूर्तैः प्रवर्तितं यज्ञे नैतद् वेदेषु विद्यते ।'અહીંથી એટલો ચિતાર મળે છે કે મહાભારતકાળ પહેલાં પશુબલિનો આરંભ થઈ ગયો હતો. મહર્ષિ દયાનન્દના મતાનુસાર આ દેશના પતનનો આરંભ મહાભારત-યુદ્ધ પહેલાં લગભગ ૧ સહસ્ર વર્ષ પહેલાં થઈ ચૂક્યો હતો. મહાભારતમાં જે કંઈ થયું તે તેની ચરમસીમા હતી.

પાદટીપ :

૧. 'त्रेतायुगे विधिस्त्वेष यज्ञानां न कृते युगे' (महाभारत, शा.प., २३२.२२)

२. यथा त्रेतायुगमुखे यज्ञस्यासीत् प्रवर्तनम् । (वायुपुराण, ४७.९९)

૩. चष्यते बध्यते अस्मिन् ।

૪. अध्वर इति यज्ञ नाम–ध्वरति हिंसाकर्मा तत्प्रतिषेधः (निरुक्तः १.८)

૫. यथाश्वमेधः कृतराष्ट्र सर्वपापापनादनः (मनु., ११.२६०)

૬. गणानां त्वा. મન્ત્રનો ઈશ્વરપરક અર્થ. 'गणानामिति । गणानां जनसमूहानां गणपतिं गणनीयं विशिष्टगुणैर्विशिष्टं कारुण्यवात्सल्यादिभिः परिपूर्णं त्वां त्वां परमेश्वरं हवामहे आह्वयामः । प्रियाणांत्वा प्रियाणां प्रजानां भक्तानां प्रपन्नामन्येषां च प्रियपतिस्तं हवामहे । निधीनां त्वच्यात्म समर्पकाणां । निधिपतिं हवामहे ।'

૭. या तेनोमच्यते सा देवता । (मनु.)

## કર્મમાંગલ્યનાં કાલજયી પદચિહ્નો : શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૨૦૧૪ની વિવિધ પ્રવૃત્તિઓની યાદી

-ડૉ. મહેશ પટેલ
ચેરમેન, એસ.આર.સી.

| ક્રમ | તારીખ | પ્રવૃત્તિઓની વિગત |
|---|---|---|
| 1 | 01/04/2013 | શબ્દસર સામયિકનું પ્રાગટ્ય અને તેના સહતંત્રી તરીકે પ્રોફે. નિસર્ગ આહીરનું સમ્માનનીય સ્થાન |
| 2 | 14થી16/04/13 | રાષ્ટ્રિય રામકથાકાર વિદ્વદ્વર્ય પરમ શ્રદ્ધેય શ્રી મોરારી બાપુના અસ્મિતા પર્વનું સંચાલન પ્રોફે. નિસર્ગ આહીર દ્વારા |
| 3 | 18,19/05/2013 | મુન્દ્રાપોર્ટની શૈક્ષણિક મુલાકાત 40 છાત્ર (ડૉ. મહેશ પટેલ) |
| 4 | 23/05/2013 | ધોરણ 12 પછીનો કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ |
| 5 | 10 થી 28/6/2013 | F.Y.B.A. પ્રવેશ પ્રક્રિયા |
| 6 | 16/06/2013 | બ્લડ ડોનેશન કેમ્પ 10 છાત્ર (ડૉ. પ્રવીણ રથવી) |
| 7 | 24,25,26/06/13 | ગ્રાંટ-ઇન-એડ કૉલેજોનો ત્રણ દિવસનો રોસ્ટર રજીસ્ટર કેમ્પ |
| 8 | 1/7/થી 5/8/13 | ટેમ્પલ-જ્યોતિષ મેનેજમેન્ટ પ્રવેશપ્રક્રિયા |
| 9 | 15થી 18/7/2013 | ટેમ્પલ-જ્યોતિષ મેનેજમેન્ટ પરીક્ષા |
| 10 | 15/07/2013 | F.Y.B.A. પ્રવેશોત્સવની ઉજવણી |
| 11 | 16/07/2013 | F.Y.B.A. એનરોલમેન્ટ ફોર્મ ભરવાની પ્રક્રિયા |
| 12 | 17/7/2013 | NCC ના 55 વિદ્યાર્થીઓની એક પ્લાટુનની લૉ ગાર્ડન,અમદાવાદ ખાતે પ્રવેશ પ્રક્રિયા |
| 13 | 22/07/2013 | ગુરુપૂર્ણિમા ઉત્સવની ઉજવણી |
| 14 | 10/08/2014 | યુનિ,આંતર કૉલેજ રમત-ગમત સ્પર્ધાઓની ક્રોસ કંટ્રીમાં સહભાગીતા(ગોહેલ મૂકેશ અને ગોહેલ ધર્મેન્દ્ર) |
| 15 | 13/08/2014 | યુનિ,આંતર કૉલેજ રમત-ગમત સ્પર્ધાઓની બેડ-મિન્ટનમાં સહભાગીતા(ગોહેલ ધર્મેન્દ્ર,જાદવાણી સાગર,સાગર રાજકુમાર) |
| 16 | 15/08/2013 | સ્વાતંત્ર્યદિનની ઉજવણી (શ્રી.એમ.આર.ઉપાધ્યાય,પૂર્વ નિયામકશ્રી ઉચ્ચશિક્ષણ કમિશ્નરની કચેરી,ગાંધીનગર) |
| 17 | 15/08/2013 | માનનીય મુખ્યમંત્રી દ્વારા M.C.A કૉલેજનું ભૂમિપૂજન અને N.C.C ગર્લ્સ કેડેટ્સ દ્વારા તેમને અપાયેલું ગાર્ડ ઓફ ઓનર. |
| 18 | 13,14/08/2013 | ક્રોસકંટ્રી- રમતગમત વિભાગમાં સહભાગીતા |
| 19 | 17/08/2013 | S.R.C નીમણૂંક |
| 20 | 20/08/2013 | યુથ કૉંગ્રેસ દ્વારા પ્રથમ ક્રમે આવેલા છ વિદ્યાર્થીઓને પારિતોષિક |

| | | |
|---|---|---|
| 21 | 21/08/2014 | યુનિ,આંતર કૉલેજ રમત-ગમત સ્પર્ધાઓની ચેસસ્પર્ધામાં સહભાગીતા (પરમાર સૌરભ અને વાઘેલા વિશાલ) |
| 22 | 17,18/09/2013 | યુનિવર્સિટી યુવક મહોત્સવ,(યજમાન કોલેજ; શ્રી કે.કે.શાહ જરોદવાલા)જેમાં ક્લેમોડલીંગમાં શર્મા પ્રીતિ અને વક્તૃત્વ સ્પર્ધામાં સિંદે પાયલ પ્રથમ ક્રમે વિજેતા |
| 23 | 18/09/2014 | સંધાન અંતર્ગત સંસ્કૃત વિષયનું મધ્યમવ્યાયોગ નાટકનું વ્યાખ્યાન સંસ્કૃત વિભાગના ડૉ. મહેશ પટેલ દ્વારા |
| 24 | 24/08/2013 | સ્વામીનારાયણ કૉલેજમાં સંસ્કૃત સ્પર્ધામાં સહભાગીતા |
| 25 | 31/08/2013 | રામકૃષ્ણ મિશન દ્વારા વિવેકાનંદ વિષયક નિબંધ સ્પર્ધા |
| 26 | 03/09/2013 | નરસિંહ મહેતા અને કુંવરબાઇનું મામેરૂં- ચલચિત્ર દર્શન(ગુજરાતી વિભાગ) |
| 27 | 04/09/2013 | રામકૃષ્ણ મિશન દ્વારા વિવેકાનંદ વિષયક વકતૃત્વ સ્પર્ધા (શિન્દે પાયલ અમદાવાદ ખાતે દ્વિતીય ક્રમે વિજેતા) |
| 28 | 05/09/2013 | શિક્ષકદિનની ઉજવણી |
| 29 | 05/09/2013 | સ્વામી વિવેકાનંદ સંદેશરથનું સ્વાગત તથા પ્રવચન |
| 30 | 06/09/2014 | યુનિ,આંતર કૉલેજ રમત-ગમત સ્પર્ધાઓની ખો-ખો(બહેનો)ની સ્પર્ધામાં 13 છાત્રોની સહભાગીતા |
| 31 | 07/09/2013 | સોલિડવેસ્ટ મેનેજમેન્ટ કાર્યક્રમ- અમ.મ્યુનિ.કોર્પોરેશન- શ્રી કુલદીપ રાજપુત |
| 32 | 09/09/2013 | વિદ્વદ્વર્ય શ્રી કે.કા.શાસ્ત્રીજીની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કેમ્પસના અન્ય આચાર્યશ્રીઓની સહ-ઉપસ્થિતિમાં |
| 33 | 10/09/2014 | યુનિ,આંતર કૉલેજ રમત-ગમત સ્પર્ધાઓની ખો-ખો(ભાઇઓ)ની સ્પર્ધામાં 13 છાત્રાઓની સહભાગીતા |
| 34 | 10/10/2013 | નવરાત્રી મહોત્સવની ઉજવણી |
| 35 | 20થી 22/10/13 | ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ.ગાંધીનગર ખાતે, ધોરણ 10 ના સંસ્કૃત વિષયના નૂતન પાઠ્યપુસ્તક્ના પરામર્શક તરીકે, ડૉ.મહેશ એ.પટેલની સહભાગીતા |
| 36 | 25/10/2013 | AAA ટીમનું સર્વાંગી સર્વેક્ષણ અને 'A' ગ્રેડની ઉપલબ્ધિ |
| 37 | 23/11/2013 | ગુજરાત સરકારશ્રીના ખેલ મહાકુંભમાં મૂકેશ ગોહેલ અને ધર્મેન્દ્ર ગોહેલની પ્રતિભાગીત, જેમાં મૂકેશ ગોહેલ તાલુકાકક્ષાએ પ્રથમ વિજેતા |
| 38 | 29/11/2013 | કારકિર્દી અને મનોવિજ્ઞાન વિષયક કાર્યક્રમ(મનોવિજ્ઞાન વિભાગ) |
| 39 | 30/11/2013 | એલીમની છાત્રસંમેલન (50 પૂર્વછાત્રોની ઉપસ્થિતિ) |
| 40 | 04/12/2014 | વિદ્વદ્વર્ય શ્રી કે.કા.શાસ્ત્રીજીના અમેરિકા સ્થિત પુત્ર શ્રી મધુસૂદનભાઇ શાસ્ત્રીએ સપરિવાર 'શ્રી કે.કા.શાસ્ત્રી સ્મૃતિકક્ષ'ની મુલાકાત લીધી. |
| 41 | 10થી 12/12/13 | મતદાર જાગૃતિ અભિયાન વર્ષ ૨૦૧૩-૧૪ |

| | | |
|---|---|---|
| 42 | 13/12/2013 | એલ.ડી. ઇંડોલોજીની શૈક્ષણિક મુલાકાત (સંસ્કૃત વિભાગ) |
| 43 | 15/12/2013 | રન ફોર યુનિટી રાષ્ટ્રિય કાર્યક્રમમાં રીવરફ્રન્ટ ખાતે 213 વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ |
| 44 | 22/12/2013 | માર્શલ આર્ટ (કરાટે)અંતર્ગત;ચોઇ-કોન્ગ-ડો અસોશીયેશન ઓફ ગુજરાતના 5th ગુજ.સ્ટેટ,ચેમ્પીયન્શીપમાં કશ્યપ ભારતી પ્રથમ ક્રમે સીલ્વર મેડલ સાથે વિજેતા |
| 45 | 24/12/2014 | રામચંદ્ર મિશન દ્વારા ઓલ ઇન્ડિયા નિબંધ લેખન સ્પર્ધામાં ઇંગ્લિશ કેટેગરીમાં પ્રથમ રેંક સાથે, શિન્દે પાયલ પ્રથમ ક્રમે વિજેતા) |
| 46 | 26/12/2013 | યુનિવર્સિટી સ્પોર્ટ ડે માં વિદ્યાર્થીઓની સહભાગીતા |
| 47 | 27,28/12/2013 | સમર્પણ કૉલેજ,ગાંધીનગર દ્વારા આયોજીત ઇન્ટરનેશનલ સેમિનારમાં સંસ્થાના ચાર અધ્યાપકોનું શોધપત્ર વાચન. |
| 48 | 04/01/2014 | એસ.વી. આર્ટ્સ અને કોમર્સ કૉલેજ,અમદાવાદ દ્વારા આયોજીત રાજ્યકક્ષાના ‘સુભાષિતો અને લોકન્યાયો વિષયક’ સેમિનારમાં સંસ્કૃત વિષયની બે વિદ્યાર્થીનીઓ શેખ રફત અને સીરવાણી ગીતાનું શોધપત્ર વાચન |
| 49 | 06થી 13/1/2014 | સંસ્કૃત સંભાષણ વર્ગો (સંસ્કૃત વિભાગ) |
| 50 | 09/01/2014 | મનોવિજ્ઞાન વિષયની પ્રાયોગપ્રદર્શની (મનોવિજ્ઞાન વિભાગ) |
| 51 | 12/01/2014 | વિવેકાનંદ જયંતીની ઉજવણી |
| 52 | 12/01/2014 | યુવામતદારો દ્વારા મતદાન જાગૃતિશપથ |
| 53 | 10,11/01/2014 | ગુજરાત સરકારના બે દિવસીય એજ્યુકેશન સમિટમાં ગાંધીનગર ખાતે અધ્યાપકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ |
| 54 | 17/01/2014 | અંગ્રેજી વિભાગમાં ગુજરાત કૉલેજના પ્રો. ઊર્મિશ મહેતા અને પ્રોફે.પ્રવીણ રાઠોડનાં ગેસ્ટ લેકચર |
| 55 | 18થી 21/1/2014 | યુનિવર્સિટી દ્વારા જંગલપરિભ્રમણમાં બે વિદ્યાર્થીનીઓની સહભાગીતા(મૂકેશ –ધર્મેન્દ્ર) |
| 56 | 18/01/2014 | મેન્ટલ હોસ્પિટલની મુલાકાત (મનોવિજ્ઞાન વિભાગ) |
| 57 | 20થી 25/1/2014 | યોગ સપ્તાહનું આયોજન(સંસ્કૃત વિભાગ) |
| 58 | 25/01/2014 | ‘ભારતીય રાજકારણની દિશા અને દશા’ વિષય ઉપર, આંતર કૉલેજ નિંબન્ધ સ્પર્ધામાં ગીરી સરીતાની સહભાગીતા |
| 59 | 26/01/2014 | રાષ્ટ્રિય પર્વની ઉજવણી (શ્રી રમેશભાઇ દેસાઇ; ડેપ્યુટી મેયર,અમ.મ્યુનિ.કોર્પો.) |
| 60 | 27/01/2014 | એક દિવસીય પીકનીક (પોળોનાં જંગલ,વિરેશ્વર,સારણેશ્વર,ગીયોડ અંબાજી) |
| 61 | 28થી31/01/2014 | યુનિવર્સિટી દ્વારા જંગલ પરિભ્રમણમાં બે વિદ્યાર્થીઓની સહભાગીતા (સરીતા-સોનલ) |
| 62 | 29/01/2014 | આંતર કૉલેજ નિબંધ સ્પર્ધા (અર્થશાસ્ત્ર વિભાગ) 25 છાત્રોની સહભાગીતા |
| 63 | 30/01/2014 | એ.ડી.આર્ટ્સ કોલેજમાં ઉજવાયેલા ગીતાજ્યંતી સમારોહમાં સંસ્કૃત વિભાગની બે વિદ્યાર્થીનીઓએ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો (શેખ રફત અને ચૌધરી ગીતા) |

| | | |
|---|---|---|
| **64** | **01/02/2014** | નવગુજરાત કોલેજ આયોજીત, 8 કીલોમીટરની મીની મેરેથોન દોડમાં સંસ્થાના 10 વિદ્યાર્થીઓની પ્રતિભાગીતા,જેમાં મૂકેશ ગોહેલ અમદાવાદ કક્ષાએ 11 મા ક્રમે આવ્યા. |
| **65** | **06થી 09/2/2014** | યુનિવર્સિટી દ્વારા રણ-પરિભ્રમણમાં બે વિદ્યાર્થીઓની સહભાગીતા(સચીન-રાહુલ) |
| **66** | **10-02-2014** | એચ.આઇ.વી/એઇડ્સ અવેરનેસ કાર્યક્રમ (સૌ.; રેડ રીબન ક્લબ તથા રોટરી ક્લબ) |
| **67** | **10-02-2014** | થેલેસેમીયા અવેરનેસ કાર્યક્રમ (સૌજન્ય; રોટરી ક્લબના) |
| **68** | **11/02/2014** | માસ કોલનેટ ઇન્ડિયા પ્રા.લિમીટેડ કંપની દ્વારા કાઉંસેલીંગ અને વોડાફોન કંપનીના સહયોગથી રોજગાર મેળાનું આયોજન, જેમાં 44 વિદ્યાર્થીઓને નોકરીના નિમણૂંક પત્ર આપવામાં આવ્યા |
| **69** | **17/02/2014** | મધ્યમ વ્યાયોગ સંસ્કૃત નાટક દર્શન (સંસ્કૃત વિભાગ) |
| **70** | **20/02/2014** | એચ.આઇ.વી/એઇડ્સ અંતર્ગત નિબંધ સ્પર્ધા |
| **71** | **23-24/02/2014** | ડેટા-બેઝમાં એક્ક્ષેલના ઉપયોગ સંબન્ધી, રાજ્યકક્ષાનો બે દિવસીય સેમીનાર (મનોવિજ્ઞાન વિભાગ) |
| **72** | **26/02/2014** | ગુજ.આટર્સ & સાયંસ કોલેજ,(બપોરની)માં ડૉ. મહેશ પટેલનું દૃશ્યશ્રાવ્ય માધ્યમથી નાટ્યદર્શન અને વ્યાખ્યાન. |
| **73** | **26/02/2014** | ગુજરાતી વિભાગનો વિદ્યાર્થીલક્ષી સાહિત્યિક સેમીનાર |
| **74** | **26/02/2014** | રેડ રીબન અંતર્ગત ડૉ. અશ્વિનભાઇ આમરણીયાનું તેમની દીનબંધુ ક્લબના સહયોગથી વ્યાખ્યાન |
| **75** | **02/03/2014** | સંસ્કૃત વિભાગ દ્વારા શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ ખાતે રાજ્યકક્ષાની સંસ્કૃત ગરબાસ્પર્ધામાં 12 છાત્રાઓનું સંસ્કૃત મંડલગાન અને પ્રથમક્રમે ટ્રોફીવિજેતા |
| **76** | **06/03/2014** | કૉલેજના NCC ગર્લ્સ સંદર્ભે કમાન્ડર અમદાવાદ ગ્રુપ, N.C.C ની મુલાકાત |
| **77** | **07/03/2014** | કૉલેજનું વિષયવાર ફોટો ફંકશન |
| **78** | **09/3/2014** | આધારકાર્ડ અવેરનેસ કાર્યક્રમ સૌજન્ય: રોટરી ક્લબ અમદાવાદ. |
| **79** | **09/3/2014** | વોટર આઇ.ડી. (ચૂંટણીકાર્ડ)અવેરનેસ કાર્યક્રમ, સૌજન્ય: કલેકટર કચેરી,અમદાવાદ |
| **80** | | સંધાન અંતર્ગત ગુજરાતી વિષયનું વ્યાખ્યાન પ્રો. નિસર્ગ આહીર દ્વારા |